RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 334* Date: 01.10.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ભારતના ૨૫ વર્ષના ભાગ્યને ઘડનારા છે. આ કનેક્ટિવીટિ પૂરતો મર્યાદિત નથી પરંતુ સુવિધા વધી રહી છે : વડાપ્રધાન

**નવરાત્રિનો તહેવાર હોય, રાત આખી દાંડિયા ચાલતા હોય, આપણું શહેર કેગુજરાત સુતૂ જ નહોય અને આ ઘૂમઘમતી ગરમી વચ્ચે આટલો વિરાટ જનસાગર મેં પહેલીવાર જોયો છે**



અમદાવાદ,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વસ્ત્રાપુર ખાતેથી રિમોટ કંટ્રોલથી સેમી હાઈ સ્પીડ ટ્રેન વંદે ભારતનું લોકાર્પણ કર્યું હતું. ત્યાર બાદ થલતેજથી વસ્ત્રાલના મેટ્રોના ફેઝ-૧ના રૂટનું લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગાંધીનગરમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનો પ્રારંભ કરાવ્યો છે. તેઓ ગાંધીનગરથી વંદે ભારત એક્સપ્રેસમાં બેસીને જ કાલુપુર મેટ્રો સ્ટેશન પહોંચ્યા હતા. અહીં તેમણે મેટ્રો ટ્રેનનું ઉદઘાટન કર્યું હતું. વડાપ્રધાન મેટ્રો રેલમાં બેસી દૂરદર્શન થલતેજ ખાતે જાહેર સભાના સ્થળે પહોંચ્યા હતાં જાહેર સભાના સ્થળે સવારથી જ મોટી સંખ્યામાં લોકો સભા સ્થળે પહોંચ્યા હતાં .વડાપ્રધાન મોદીએ ત્રણવાર ભારત માતા કી જય બોલાવીને વડાપ્રધાને સભાને સંબોધવાનું શરૂ કર્યુ હતું. તેમણે કહ્યું કે, આજે ૨૧મી સદીના ભારત અને અર્બન કનેક્ટિવિટી માટે અને આત્મનિર્ભર ભારત માટે આજે બહુ મોટો દિવસ છે. થોડીવાર પહેલાં મેં ગાંધીનગર-મુંબઈની વંદે ભારત એક્સપ્રેસની ઝડપી મુસાફરીનો અનુભવ કર્યો, આ મુસાફરી તો કેટલીક મિનિટો જ હતી, પરંતુ મારા માટે ગૌરવથી ભરેલી ક્ષણ હતી. દેશની ત્રીજી અને ગુજરાત પહેલી વંદે ભારત ટ્રેન છે. કાલુપુર રેલવે સ્ટેશનથી કાલુપુર મેટ્રો સ્ટેશન, અને ત્યાંથી અમદાવાદ મેટ્રોની મુસાફરી કરી હું થલતેજ પહોંચ્યો. એટલે કે કોઈ બહારથી વંદે ભારતમાં આવતો હોય, ત્યારબાદ સીધેસીધો મેટ્રો પર ચડીને શહેરમાં પોતાના ઘરે જઈ શકે છે. કે કામ માટે શહેરના અન્ય ભાગમાં જઈ શકે છે. અને ગતિ એટલી ઝડપી કે શિડ્યુલ કાર્યક્રમ બનાવ્યો હતો, તેનાથી ૨૦ મિનિટ પહેલાં હું થલતેજ પહોંચી ગયો, હું ટ્રેનમાં સફર કરી રહ્યો હતો ત્યારે ડિપાર્ટમેન્ટના લોકો કેટલીય ખૂબીઓ જણાવતા રહે છે, શું વ્યવસ્થા છે, સ્પીડ છે વગેરે.. પરંતુ બીજું એક પાસું છે જેના તરફ ડિપાર્ટમેન્ટનું કદાચ ધ્યાન નથી ગયું. મને તે સારું લાગ્યું... હું કહેવા માગું છું, આ જે વંદેભારત ટ્રેન છે, હું ગણિતજ્ઞ કે વૈજ્ઞાનિક નથી, પંરતુ હું મોટોમોટો અંદાજ લગાવી શકું છું કે હવાઈ જહાજમાં જેટલો અવાજ આવે છે તેનાથી કદાચ ૧૦૦મો ભાગ થઈ છે, ૧૦૦ ઘણી વધારે અવાજ વિમાનમાં હોય છે, એટલે વાતચીત કરવામાં તકલીફ પડે છે. વંદેભારત ટ્રેનમાં હું આરામથી વાત કરતો હતો, જે લોકો હવાઈ જહાજના આદી છે, તેઓને અવાજનું જ્ઞાન થઈ જશે તો હું ચોક્કસ માનું છું કે હવાઈ જહાજ નહીં વંદે ભારત ટ્રેન પસંદ કરશે.

તેમણે કહ્યું હતું કે અરે મારા અમદાવાદીઓ.. મારે આજે અમદાવાદને સો સો સલામ કરવી છે... નવરાત્રિનો તહેવાર હોય, રાત આખી દાંડિયા ચાલતા હોય, આપણું શહેર કેગુજરાત સુતૂ જ નહોય અને આ ઘૂમઘમતી ગરમી વચ્ચે આટલો વિરાટ જનસાગર મેં પહેલીવાર જોયો છે... હું અહીં જ મોટો થયો છું... અમદાવાદે મારો આવડો મોટો કાર્યક્રમ કરી બતાવ્યો હોય... એટલે અમદાવાદીઓને મેટ્રો શું છે એ સમજ છે. મેં કહ્યું મેટ્રોમાં આખા દેશમાં આપણી જવાબદારી છે... અમારા અમદાવાદીઓ હિસાબ લગાવે, ઓટોમાં જાય તો કેટલો ટાઈમ જાય,, ગરમી લાગે... સૌથી વધારે આર્થિક રીતે લાભ કરે એટલે અમદાવાદનો પેસેન્જર કરતો.. પહેલાં અમદાવાદનો રિક્ષાવાળો ગીત ગાતા હતા. આજે અમદાવાદને જેટલું અભિવાદન સલામ કરીએ એટલું ઓછું છે. ૨૧મી સદીના ભારતના શહેરોને નવી ગતિ મળશે.. શહેરોને આધુનિક બનાવવા જરૂરી છે. ટ્રાન્સપોર્ટ આધુનિક સીમલેસ, એકબીજાને સપોર્ટ કે એ જરૂરી છે. બહુ વર્ષ પહેલાં અમે અમદાવાદમાં મલ્ટિમોડેલ ટ્રાન્સપોર્ટ લઈને અમે સમિટ કર્યું, ત્યારે હું ન કરી શક્યો.. તમે ત્યાં મોકલ્યો ત્યારે કરી દીધું.. વીતેલા ૮ વર્ષમાં શહેરો પર આટલો મોટો મૂડીરોકાણ કરાય છે. બે ડઝનથી વધારે શહેરોમાં મેટ્રો શરૂ થઈ છે કે કામગીરી ચાલી રહી છે. નાના શહેરોમાં હવાઈ સુવિધા આપવાની કામગીરી કરાઈ છે. આજે ગાંધીનગર રેલવે સ્ટેશન દુનિયાના કોઈપણ એરપોર્ટથી કમ નથી. બે દિવસ પહેલાં અમદાવાદ રેલવે સ્ટેશનને આધુનિક બનાવવાની સ્વીકૃતિ આપી દીધી છે. દેશના શહેરોના વિકાસ માટે આટલો બધો મૂડીરોકાણ એટલા માટે કરાય છે કે દેશનું વિકાસ સુનિશ્ચિત કરશે. ભારતના ૨૫ વર્ષના ભાગ્યને ઘડનારા છે. આ કનેક્ટિવીટિ પૂરતો મર્યાદિત નથી પરંતુ સુવિધા વધી રહી છે. સંબંધો વિકસિત કરાય છે. ટ્વિન સિટીનો વિકાસ કેવી રીતે કરાય છે તેનું અમદાવાદ ગાંધીનગર ઉદાહરણ છે. આવનાર સમય માટે ટ્વિન સિટીનો આધાર તૈયાર થાય છે. તમારી આંખો સામે ગાંધીનગર-અમદાવાદ ટ્વિન સિટીનો છે.

નવા શહેરોનું નિર્માણ કરાઈ રહ્યું છે જે ગ્લોબલ સિટી બનાવી રહ્યા છે, જેનું ગિફ્ટ સિટી ઉત્તમ ઉદાહરણ છે. મેં ૨૦૦૫માં કહ્યું હતું. ત્યારે બહુ લોકોને કહ્યું કે આ શું કહે છે, આજે ગિફ્ટ સિટી આંખો સામે છે. હજારો લોકોને રોજગાર આપવાનું કેન્દ્ર બન્યું છે. એક સમય હતો ત્યારે અમદાવાદમાં ટ્રાન્સપોર્ટનો અર્થ લાલ બસ અને હરીભરીને રિક્ષાવાળો. ગુજરાતે મને કામ કરવાનો અવસર આપ્યો ત્યારે બીઆરટીએસ કોરિડોરમાં બસ શરૂ કરી. સામાન્ય નાગરિકની આવશ્યકતા અનુસાર વિકાસની યાત્રાને બે પાટા પર ચલાવવા હોય તે આજે સાચે જોઈ રહ્યા છે. તેના માટે તમામને અભિનંદન, મેટ્રોના ૩૨ કિમીના રૂટ પર મેટ્રોનો રૂટ શરૂ થયો છે. એક જ વર્ષમાં ૩૨ કિમીની યાત્રાનું દેશમાં લોકાર્પણ થયું છે. મેટ્રોનું માટે વધારાની જમીનની જરૂર નથી પડી. ગાંધીનગર-મુંબઈ વચ્ચેની વંદેભારત ટ્રેનથી અંતર દૂર કરીશું. સાડા આઠ કલાકથી વધારે સમય થતો હતો.. તે વંદેભારત ટ્રેન અમદાવાદથી સાડા પાંચ કલાકમાં મુંબઈ પહોંચાડી દેશે. ચેન્નાઈમાં ટ્રેન બનાવનારને બધાને મળ્યો ત્યારે કામ કરનારે કહ્યું સાહેબ કામ આપો અને તેનાથી બહેતર બનાવવા કહ્યું અને બનાવ્યું.

મારો દેશ આનાથી તેજ ગતિથી આગળ વધશે. દેશના લોકો આનાથી પણ વધુ ઝડપે મુસાફરી કરશે.જનશતાબ્દીમાં ગરીબ લોકો આ ટ્રેનમાં જવાબનું પસંદ કરે છે. લગેજ વધુ છે લઈ જવા માટે, ડબલ એન્જિન સરકારનો લાભ કેવી રીતે અમદાવાદને મળ્યો, કેન્દ્ર સરકારે કેવી રીતે તરત મંજૂરી આપી દીધી, અમદાવાદમાં મેટ્રો પર કામ શરૂ કરવાનું કર્યું ત્યારે એવી રીતે પ્લાન કરાયો કે ગરીબને પણ લાભ થાય. જ્યાં સાંકડા રોડ પસાર કરવામાં વાર લાગે ત્યાં મેટ્રો પસાર થાય, કાલુપુરને મલ્ટિમોડલ હબ બનાવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે અમદાવાદીઓ માટે આ આનંદનો પ્રસંગ છે. મેટ્રો અને વંદે ભારત ટ્રેનની આજે ભેટ મળી છે.

## મુકેશ અંબાણી હવે ઝેડ પ્લસ સુરક્ષા ઘેરામાં રહેશે,કુલ ૪૦-૫૦ કમાન્ડો સામેલ થઈ શકે છે



નવીદિલ્હી,તા.૩૦

કેન્દ્ર સરકારે દેશના પ્રમુખ ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના સુરક્ષા કવરને અપગ્રેડ કરી દીધુ છે. હવે તેમને ઝેડ પ્લસ કેટેગરીની સુરક્ષા આપવામાં આવશે. ઝેડ પ્લસ સુરક્ષાની ટોપ શ્રેણી હોય છે. સરકાર તરફથી આ નિર્ણય મુકેશ અંબાણીના ખતરાને લઈને કેન્દ્રીય ગુપ્તચર તથા સુરક્ષા એજન્સીઓ દ્વારા સમીક્ષા કરાયા બાદ લેવામાં આવ્યો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના અધ્યક્ષ અંબાણી (૬૫) ને પ્રથમવાર ૨૦૧૩માં ચુકવણીના આધાર પર સીઆરપીએફ કમાન્ડોનું ઝેડ સુરક્ષા કવર આપવામાં આવ્યું હતું. તેમના પત્ની નીતા અંબાણીને વાઈ પ્લસ શ્રેણીની સુરક્ષા મળી છે, જેમાં કમાન્ડોની સંખ્યા ઓછી હોય છે. હાલમાં બ્લૂમબર્ગ તરફથી જાહેર દુનિયાના ધનવાનોની યાદીમાં મુકેશ અંબાણી ૧૦માં સ્થાને છે.

સૂત્રોએ જણાવ્યું કે અંબાણીની સુરક્ષાને સર્વોચ્ચ શ્રેણીની ઝેડ પ્લસમાં બદલી લેવામાં આવી છે અને આ સંબંધમાં જરૂરી સૂચના જલદી જાહેર કરવામાં આવશે. અંબાણીને ખતરાની ધારણાના સંબંધમાં કેન્દ્રીય ગુપ્તચર અને સુરક્ષા એજન્સીઓ પાસેથી જાણકારી મળ્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ભલામણને ઔપચારિક રૂપ આપ્યું છે.

સૂત્રોએ કહ્યું કે કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળના વર્તમાન સુરક્ષા કવરને વધારી ઝેડ પ્લસ કરવા અને તેમની સુરક્ષામાં વધુ કમાન્ડોને સામેલ કરવામાં આવી શકે છે. તેમની સુરક્ષામાં કુલ ૪૦-૫૦ કમાન્ડો સામેલ થઈ શકે છે, જે શિફ્ટમાં કામ કરે છે. સીઆરપીએફ વર્તમાનમાં અંબાણીના આવાસ અને ઓફિસ પરિસરને પણ સુરક્ષા પ્રદાન કરે છે. પાછલા વર્ષની શરૂઆતમાં તે સમયે અંબાણીની સુરક્ષા વધારી દેવામાં આવી હતી, જ્યારે મુંબઈમાં તેમના આવાસની પાસે વિસ્ફોટકોથી ભરેલી એક એવયૂવી કાર મળી આવી હતી. ત્યારબાદ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ મામલાની તપાસ શરૂ કરી હતી.

## દેશમાં અનાજનું ઉત્પાદન ઘટયું, દાળ-શાકભાજીનું વધ્યું



નવીદિલ્હી તા.૩૦

કેન્દ્ર સરકારના રિપોર્ટ અનુસાર દેશમાં અનાજ ઉત્પાદનમાં ઘટાડો થયો છે, જયારે ફળ, શાકભાજી, દાળના ઉત્પાદનમાં વધારો થયો છે. અનાજ સિવાય ખાંડ, ડ્રગ્સ, નાર્કોટિક્સ અને તેલીબીયાના ઉત્પાદનમાં પણ ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૧૧-૧૨માં સ્થૂળ મૂલ્ય ઉત્પાદનમાં અનાજની ભાગીદારી ૨૮.૨ ટકા હતી, જે ૨૦૧૯-૨૦માં ઘટીને ૨૭.૩ ટકા રહી ગઈ છે. દાળની ભાગીદારી ૪.૪ ટકાથી વધીને ૫.૧ ટકા થઈ ગઈ છે.

કેન્દ્ર સરકારના આંકડાકીય અને કાર્યક્રમ કાર્યાન્વયન મંત્રાલયે વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૯-૨૦ સુધી કૃષિ, વનસંવર્ધન અને મત્સ્ય ઉછેર પર રિપોર્ટ જાહેર કર્યો છે. અનાજ ઉત્પાદનમાં ઉતરપ્રદેશની ભાગીદારી ઘટીઃ યુપીમાં સૌથી વધુ અનાજનું ઉત્પાદન પણ ભાગીદારી ઘટી છે. રિપોર્ટ મુજબ દેશભરમાં ઉતરપ્રદેશમાં સૌથી વધુ ઉત્પાદન કરાયું છે, જો કે તેમાં ભાગીદારી ઘટી છે. તેની ભાગીદારી વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૮.૬ ટકા હતી, જે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટીને ૧૮.૫ ટકા થઈ ગઈ છે. મધ્યપ્રદેશનું અનાજમાં યોગદાન વધ્યુંઃ વર્ષ ૨૦૧૧-૧૨માં અનાજ ઉત્પાદનમાં મધ્યપ્રદેશની ભાગીદારી ૬.૨ ટકા હતી

જે ૨૦૧૯-૨૦માં વધીને ૧૦ ટકા થઈ ગઈ છે. રિપોર્ટ મુજબ ભારત દુનિયાભરમાં કૃષિ યોગ્ય ભૂમિમાં બીજા ક્રમે છે.ફળો અને શાકભાજીઓનું સ્થૂળ મૂલ્ય ઉત્પાદન સૌથી વધુઃ વર્ષ ૨૦૧૯-૨૦માં દેશભરમાં ફળ અને શાકભાજીનું સ્થુળ મૂલ્ય ઉત્પાદન ૩૮૩.૩ હજાર કરોડ હતું. અનાજની તુલનામાં આર લગભગ ૬૦૦૦ કરોડ વધુ છે. વર્ષ ૨૦૧૧-૧૨માં અનાજનું સ્થુળ મુલ્ય ઉત્પાદન ૩૩૬.૪ હજાર કરોડ હતું, જે બધા પાકોમાંથી સૌથી વધુ હતું. કૃષિમાં પાકોની ભાગીદારી ૨૦૧૧-૧૨માં ૬૨.૪ ટકા હતી જે વર્ષ ૨૦૧૯-૨૦માં ઘટીને ૫૫ ટકા થઈ ગઈ હતી.

## આરબીઆઇએ સતત ચોથી વખત રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો



મુંબઈ,તા.૩૦

તહેવારોની સિઝનમાં તમારી ઈએમઆઈ વધુ મોંઘી થઈ ગઈ છે. ઈમેંએ સતત ચોથી વખત રેપો રેટ વધારવાનો નિર્ણય લીધો છે. આરબીઆઈએ રેપો રેટ ૫.૪૦ ટકાથી વધારીને ૫.૯૦ ટકા કર્યો છે, રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. ઈબીઆઈ મોનેટરી પોલિસીની બેઠક બાદ ગવર્નર શક્તિકાંત દાસે આ જાહેરાત કરી છે. એટલે કે હવે પાંચ મહિનામાં ૧.૯૦ ટકાનો વધારો થયો છે.

આરબીઆઈના આ નિર્ણય બાદ હોમ લોનથી લઈને કાર લોન અને એજ્યુકેશન લોન મોંઘી થવાની ખાતરી છે. બીજી તરફ, જેમણે પહેલેથી જ હોમ લોન લીધી છે, તેમની ઈએમઆઈ વધુ મોંઘી થશે. આરબીઆઈ ગવર્નરે મોનેટરી પોલિસી કમિટીની બેઠકના ત્રણ દિવસ બાદ રેપો રેટ વધારવાનો નિર્ણય લીધો છે.મોનેટરી પોલિસી કમિટીની બેઠક ૨૮ સપ્ટેમ્બરથી શરૂ થઈ હતી. ઓગસ્ટ મહિનામાં રિટેલ મોંઘવારી દર ૭ ટકા રહ્યો છે. જેના કારણે મોંઘવારી રોકવા માટે આરબીઆઈએ વ્યાજદરમાં વધારો કરવાનો નિર્ણય લેવો પડ્યો હતો. આરબીઆઇ દ્વારા રેપો રેટમાં ૦.૫૦ ટકા જેટલો વધારો કરવામાં આવતા નવો રેપો રેટ ૫.૯૦ ટકા પર પહોંચ્યો છે. તો એપ્રિલ ૨૦૧૯ બાદ રેપો રેટ તેના સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયો છે. આરબીઆઈએ માર્ચ ૨૦૨૦ માં કોરોના મહામારી કારણે લાગેલા લોકડાઉનની અસરને ઘટાડવાના ઉદ્દેશ્યથી રેપો રેટમાં ઘટાડો કર્યો હતો. આ પછી સ્થિતિ સામાન્ય થયા બાદ રેપો રેટને ૪ મે, ૨૦૨૨ સુધી સ્થિર રાખવામાં આવ્યો હતો. જે બાદ સતત ચોથીવાર રેપો રેટમાં વધારો કરવામાં આવ્યો છે. સરકારે આરબીઆઈને ફુગાવાનો દર ૨ ટકાની વધ-ઘટ સાથે ૪ ટકા પર રાખવાનો લક્ષ્યાંક આપ્યો છે. જોકે, રિટેલ ફુગાવો જાન્યુઆરીથી આરબીઆઈના સંતોષકારક સ્તરથી ઉપર રહ્યો છે. ફુગાવાના ઊંચા સ્તર વચ્ચે રુપિયાના મૂલ્યમાં તીવ્ર ઘટાડો થઈ રહ્યો છે. યુએસ ડોલર સામે રૂપિયો હાલમાં ૮૨ ની નજીક ટ્રેડ કરી રહ્યો છે. યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં તીવ્ર વધારો કર્યા બાદ વિનિમય દરમાં ઘટાડો વધુ તીવ્ર બન્યો છે.

નિષ્ણાતોના મતે સેન્ટ્રલ બેંક ફરી એકવાર કી પોલિસી રેટ રેપોમાં ૦.૫૦ ટકાનો વધારો કરી શકે છે જેથી તે ૫.૯ ટકાની ત્રણ વર્ષની ટોચે લઈ જાય. હાલમાં તે ૫.૪ ટકા છે. આરબીઆઈએ મે મહિનાથી રેપો રેટમાં ૧.૪૦ ટકાનો વધારો કર્યો છે. ઈન્ડસ્ટ્રી બોડી એસોચેમે જણાવ્યું હતું કે યુએસ સહિત અન્ય ઘણી સેન્ટ્રલ બેક્રોના વ્યાજદરમાં ઝડપી વધારા વચ્ચે આરબીઆઈ નીતિગત વ્યાજ દરોમાં ઓછામાં ઓછો ૦.૩૫ થી ૦.૫૦ ટકાનો વધારો કરી શકે છે.નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં, આરબીઆઈએ મોંઘવારી વધ્યા બાદ સતત ચોથી વખત રેપો રેટ વધારવાનો નિર્ણય કર્યો છે.

## હવે રાઘવ ચઢ્ઢાની ધરપકડ થઈ શકે છે : અરવિંદ કેજરીવાલનો આરોપ

નવીદિલ્હી,તા.૩૦

ગુજરાતમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને ચાલી રહેલા રાજકીય ધમાસાણ વચ્ચે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક સનસનીખેજ દાવો કર્યો છે. કેજરીવાલે દાવો કર્યો છે કે, રાઘવ ચઢ્ઢાની ધરપકડ થઈ શકે છે. તેણે ટ્વીટ કરીને પોતાની આશંકા વ્યક્ત કરી છે.અરવિંદ કેજરીવાલે શુક્રવારે પોતાના ઓફિશિયલ ટ્વિટર હેન્ડલ પરથી ટ્વીટ કર્યું હતું કે, 'જ્યારથી રાઘવ ચઢ્ઢાને ગુજરાતના સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને તેમણે ગુજરાતમાં પ્રચાર માટે જવાનું શરૂ કર્યું છે, ત્યારે હવે અમે સાંભળી રહ્યા છીએ કે, રાઘવ ચઢ્ઢાની પણ આ લોકો ધરકરપડ કરશે., કયા કેસમાં કરશે અને શું આરોપો લગાવશે, આ લોકો અત્યારે બનાવી રહ્યા છે.અરવિંદ કેજરીવાલ દ્વારા આશંકા એવા સમયે કરવામાં આવી રહી છે, જ્યારે આમ આદમી પાર્ટીના ઘણા નેતાઓની ધરપકડ કરવામાં આવી છે. તાજેતરમાં જ મનીષ સિસોદિયાના નજીકના ગણાતા વિજય નાયરની દિલ્હી એક્સાઈઝ પોલિસીમાં કથિત કૌભાંડના સંબંધમાં ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી લિકર પોલિસી કેસમાં નામ આપવામાં આવેલા ૧૫ આરોપીઓમાંથી વિજય નાયર ધરપકડ કરાયેલો પહેલો આરોપી છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા પણ આ જ કેસમાં આરોપી છે.

આ પહેલા અરવિંદ કેજરીવાલે પણ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની ધરપકડની આશંકા વ્યક્ત કરી હતી. જો કે તેમની ધરપકડ કરવામાં આવી નથી, પરંતુ દિલ્હી લિકર પોલિસીમાં કથિત કૌભાંડને લઈને તેમના પર ધરપકડની તલવાર લટકી રહી છે. તે જ સમયે કેજરીવાલને તેમની સરકારમાં મંત્રી સત્યેન્દ્ર જૈનની ધરપકડનો ડર હતો અને તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. સત્યેન્દ્ર જૈન છેલ્લા ઘણા સમયથી જેલમાં છે.

## તંત્રી સ્થાનેથી...

# પીએફઆઇ પર પ્રતિબંધ પછીના પડકારો



*દેશભરમાં કેટલાય ઠેકાણે એકસામટા છાપા બાદ અંતે ભારત સરકારે કટ્ટરપંથી સંગઠન પીએફઆઈ અને તેની સહયોગી સંસ્થાઓ પર પાંચ વર્ષનો પ્રતિબંધ લગાવી દીધો. આ સંગઠન ૨૦૧૦માં ત્યારે ચર્ચામાં આવ્યું હતું, જ્યારે તેના કાર્યકર્તાઓએ કેરળમાં ટી.એ.જોસેફ નામના પ્રોફેસરનો હાથ એટલા માટે કાપી નાખ્યો હતો, કારણ કે તેમના અનુસાર જોસેફ દ્વારા બનાવવામાં આવેલ પ્રશ્નપત્રનો એક પ્રશ્ન ઈસ્લામિક માન્યતાઓનું અપમાન કરતો હતો.*

*આ ક્રૂરતાએ આખા દેશમાં સનસનાટી મચાવી દીધી હતી. તેનાથી વ્યાપ્ત આતંકનું અનુમાન એના પરથી કરી શકાય કે કેરળમાં પ્રભાવી ગણાતા ચર્ચે પણ એ સમયે જોસેફનો સાથ છોડી દીધો હતો. ઈસાઈ મિશનરી દ્વારા સંચાલિત જે કોલેજમાં તેઓ ભણાવતા હતા, તેમને ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યા. પજવણીથી કંટાળીને તેમની પત્નીએ આત્મહત્યા કરી લીધી. આ બર્બર કૃત્ય બાદ પીએફઆઈ આખા દેશમાં ફેલાતું ગયું. જે આતંકી સંગઠન સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયા એટલે કે 'સિમી' પર પ્રતિબંધ લાગ્યો હતો, તેની સાથે જોડાયેલા લોકો જ પીએફઆઈ સાથે જોડાતા ગયા. તેમ છતાં પીએફઆઈ પર કોઈ મોટી કાર્યવાહી ન થઈ.*

*પીએફઆઈની ક્રૂરતાના અંતહીન કિસ્સા છે. ૨૦૧૯માં તેના કાર્યકર્તાઓએ ધર્માંતરણ પર એક ચર્ચાના થોડા કલાકો બાદ જ પીએમકે નેતા રામલિંગમની તેમના ઘરે નિર્મમ હત્યા કરી દીધી હતી. ૨૦૧૪માં કેરળ પોલીસ દ્વારા કેરળ હાઈકોર્ટમાં દાખલ સોગંદનામામાં પીએફઆઈના કાર્યકર્તાઓ પર હત્યાના ૨૭, હત્યાના પ્રયાસના ૮૫ અને સાંપ્રદાયિક હિંસાના ૧૦૬ કેસોમાં સંડોવણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.*

*તે ઉપરાંત કેરળ પોલીસ દ્વારા હાઈકોર્ટ સમક્ષ એમ કહેવામાં આવ્યું કે પીએફઆઈ સિમીનું જ નવું રૂપ છે. કોઈ સખત કાર્યવાહીના અભાવે છેલ્લા ૧૨ વર્ષ દરમ્યાન પીએફઆઈએ ખાડી દેશોથી મળેલા ફંડ અને જકાતના નામે લોકોને ગુમરાહ કરીને દેશ-વિદેશમાં પોતાનું એક મોટું તંત્ર વિકસિત કરી લીધું. જે સંગઠને એક અધ્યાપકનો હાથ કાપી નાખવાથી પોતાની શરૂઆત કરી હોય, તેનું જ સહયોગી સંગઠન 'કેમ્પસ ફ્રંટ ઓફ ઈન્ડિયા' નામે દેશભરની યુનિવર્સિટીઓમાં ફેલાઈ ગયું. તેનો સહજ અંદાજો લગાવી શકાય છે કે તે છાત્રોમાં કટ્ટરપંથનાં કેવાં બીજ રોપતું હશે! તેનો એક નમૂનો કર્ણાટકના હાલના હિજાબ વિવાદ અને તેને કારણે એક યુવક હર્ષની જઘન્ય હત્યા રૂપે સામે આવી જ ચૂક્યો છે.*

*પીએફઆઈ મિસરમાં જન્મેલા ઈખ્વાન-ઉલ-મુસલમીન એટલે કે મુસ્લિમ બ્રધરહૂડના પ્રતિરૂપને ભારતમાં સ્થાપિત કરવાના આંતરરાષ્ટ્રીય ષડયંત્રનો હિસ્સો છે. આ સંગઠન જાણીતા કટ્ટરપંથી મૌલાના અને જમાત-એ-ઈસ્લામીના સંસ્થાપક મદૂદી અને મુસ્લિમ બ્રધરહૂડના મોટા નેતા અલ કુતુબની વિચારધારાને ભારતમાં ફેલાવવાની કોશિશ કરી રહ્યું છે. આ અતિવાદી સંગઠન જ્યારે ચૂંટણી જીતીને મિસરની સત્તા પર બેઠું તો તેના સમર્થકોએ ત્યાં હિંસાનું એવું ભયાવહ પ્રદર્શન કર્યું કે મિસરની સેના અને જનતાએ તખ્તાપલટ કરીને તેને સત્તામાંથી ઉથલાવવું પડ્યું.*

*જ્યારે મિસરની અદાલતમાં હિંસા ફેલાવવાના કેસમાં મુસ્લિમ બ્રધરહૂડના તત્કાલીન સર્વોચ્ચ નેતા મોહંમદ મોર્સી પર કેસ ચાલ્યો તો પીએફઆઈએ નવી દિલ્હી સ્થિત મિસર દૂતાવાસની બહાર ભારે હંગામો કરવામાં આવ્યો. પોતાના નાનકડા શાસનકાળમાં મુસ્લિમ બ્રધરહૂડે મિસરના સમાજમાં કટ્ટરપંથનું એવું ઝેર ઘોળ્યું કે તેના સેનાધ્યક્ષ જનરલ સીસીને વિશ્વમાં ઈસ્લામિક શિક્ષાનું કેન્દ્ર મનાતી અલ-અઝહર યુનિવર્સિટીમાં જઈને કહેવું પડ્યું કે એ કેવી રીતે સંભવ છે કે મુસલમાનો વિશ્વમાં રહેતા બિનમુસ્લિમોને ખતમ કરવાનું વિચારે અને તેમાં સફળ પણ થઈ જાય? મુસ્લિમ બ્રધરહૂડને ન માત્ર મિસર, બલ્કે સઉદી અરબ અને સંયુક્ત અરબ અમીરાત જેવા કેટલાય ઈસ્લામી દેશો પ્રતિબંધિત કરી ચૂક્યા છે.*

*ફક્ત તુર્કી અને કતર જ સઉદી અરબ સાથે પોતાની હરીફાઈના ચક્કરમાં મુસ્લિમ બ્રધરહૂડને આશરો આપી રહ્યા છે. એ પણ ન ભૂલો કે નુપૂર શર્માના નિવેદન પર જ્યારે આખા દેશમાં હંગામો થયો તો ઈન્ટરનેટ મીડિયા પર ભારત વિરોધી ટ્રેન્ડ મિસર અને કતર જેવા દેશોમાંથી જ ચાલ્યા, જ્યાં મુસ્લિમ બ્રધરહૂડની સક્રિયતા છે. નુપૂરના નિવેદન પર સૌથી પહેલાં હંગામો કરનારી કતર સરકાર જ હતી, જેનો મુસ્લિમ બ્રધરહૂડ સાથે નજીકના સંબંધ છે. આ તથ્ય ભારતને અસ્થિર કરવાના ષડયંત્ર વિશે ઘણું બધું કહી જાય છે.*

---

મળી

તહોમતદારને ગુનાની સજા મળી?<br>
ગુન્હેગારને ગુનાની સજા મળી?<br>
આ કેવું ડીંડવાણું છે?આરોપીને<br>
શંકાના લાભની મજા મજા મળી.<br>
ન્યાયની ઘંટી કેવું જાડું ભરડે છે?<br>
ફરિયાદીને જ સખત સજા મળી!!<br>
બધી ઊથલપાથલ કે ગરબડ છે,<br>
પાનખરની સોંગદ પર ફિજા મળી.<br>
કાળા કોટવાળા શું તવાયફ છે?<br>
હળાહળ જુઠું બોલવા રજા મળી!!<br>
સઘળો જ વાંક ન્યાયની દેવીનો છે?<br>
આંખે બાંધવા આખી ધજા મળી!!

ભરત વૈષ્ણવ<br>
૨૯.૯.૨૦૨૧.#કવિતા

---

# નારીનાં આભૂષણ



સુંદર વર્ણ,સુડોલ અંગ-પ્રત્યંગ,ચાલ,દ્રષ્ટિભરમ તથા તોડ મરોડ વગેરેમાં દેખાવડાપણું તથા વાણીમાં માધુર્ય..આ બ્રાહ્યસૌદર્ય છે.ક્ષમા, પ્રેમ, ઉદારતા, નિરાભિમાનિતા, વિનય, સહિષ્ણુતા, સમતા, શાંતિ, ધીરજ, વિરતા, પરદુઃખકારકતા, સત્ય, સેવા, અહિંસા, બ્રહ્મચર્ય, શીલ અને પ્રભુ ભક્તિ..વગેરે સદગુણો તથા સદભાવ આંતરિક સૌદર્ય છે.બાહ્ય તથા આંતરીક બંને સૌદર્યની આવશ્યકતા છે પરંતુ બાહ્યની અપેક્ષા આંતરિક સૌદર્યનું મહત્વ વધુ છે.રૂપવતી નારીઓએ પોતાના રૂપનો ગર્વ ના કરવો તથા પોતાની અંદરના સદગુણો તથા સદભાવોથી પોતાનું સૌદર્ય વધારવું જોઇએ.

લજ્જા નારીનું ભૂષણ છે.ધર્મ વિરૂધ્ધ, શિલના વિરૂધ્ધ અને સમાજની પવિત્ર પ્રથાઓની વિરૂધ્ધ કંઇક કરી શકવામાં સંકોચ તથા પુરૂષ વર્ગના સંસર્ગથી બચવા માટે દ્રષ્ટિ સંકોચ, અંગ સંકોચ અને વાણીના સંકોચનું નામ લજ્જા છે.લજ્જા નારીનું ભૂષણ છે અને તે શીલ ભરેલી આંખોમાં રહે છે.વાણી અને વ્યવહારમાં તથા શરીર સંચાલનમાં ગર્વ, ઉગ્રતા, કઠોરતાનો ત્યાંગ કરીને નમ્ર,સરળ, સ્નેહપૂર્ણ આદર, ભાવપૂર્ણ અને મધુર હોવો વિનય છે.વિનયનો અર્થ ચાપલૂસી કે કાયરતા નથી.દુષ્ટોના દમનમાં કઠોરતા અને ઉગ્રતા જરૂરી છે પરંતુ ઘર પરિવાર તથા સંસારના તમામ વ્યવહારોમાં નારીએ વિનયરૂપ ભૂષણ હંમેશાં ધારણ કરવું જોઇએ.

ઓછું બોલવાનો અભ્યાસ રાખવો, સમજી વિચારીને મધુર શબ્દોમાં બોલવું, વ્યર્થ ના બોલવું, મઝાક ના કરવી,વિવાદ ના કરવો,ચપળતા-ચંચળતા ન કરવી,પ્રત્યેક કાર્યને ખૂબ સમજી વિચારીને દ્રઢ નિશ્ચયની સાથે કરવું,શાંત અને શિષ્ટ વ્યવહાર કરવો, ઝઘડા ટંટામાં ના પડવું, નાની સરખી વિપત્તિ (દુઃખ) આવી પડતાં વિચલિત ના થવું તેને ગંભીરતા કહે છે. ગંભીર સ્ત્રીના તેજને બધા જ માને છે તથા તેમનો આદર કરે છે અને આવી સ્ત્રી અનેક વ્યર્થ કઠિનાઇઓથી બચી જાય છે.

તમામમાં એક જ આત્મા છે,પ્રાણીમાત્ર તમામ એક જ પ્રભુની અભિવ્યક્તિ કે સંતાન છે એમ સમજીને મનમાં તમામના પ્રત્યે સમાનભાવ રાખવો.અન્યના દુઃખને પોતાનું દુઃખ માનવું, બધાના હિતમાં પોતાનું હિત સમજવું એ સમતા છે. વ્યવહારિક કાર્યોમાં પ્રસંગોનુસાર ક્યારેક વિષમતા કરવી પડતી હોય છે પરંતુ મનમાં આત્મદ્રષ્ટિથી તમામમાં સમતા રાખવી જોઇએ.દુઃખ-કષ્ટ અને પ્રતિકૂળતાને સહન કરવાનું નામ સહિષ્ણુતા છે.આ નારી જાતિનો સ્વાભાવિક ગુણ છે. નારી પુરૂષના કરતાં વધારે સહનશીલ હોય છે.જો કોઇ સ્ત્રીને પ્રતિકૂળ ભાવોવાળો પતિ કે સાસુ મળે તો તેને સહિષ્ણુ બનીને તેઓને પ્રેમથી સન્?માર્ગ ઉપર લાવવા જોઇએ.સહન કરવું, ક્લેશ ના કરવો પરંતુ તેમની સાથે પ્રેમ કરવો અને પ્રતિવાદ ન કરતાં સેવા કરવી..આ એક એવો અમોઘ મંત્ર છે કે જેનાથી ખૂબ જ ઓછા સમયમાં અશાંતિથી ભરેલું ઘર પુનઃ શાંતિ તથા સુખની લહેરોમાં ઉછળવા લાગે છે.

ઘરની વસ્તુઓ,આવશ્યવક સામગ્રી તથા કામો સુશ્રૃખલાબધ્ધ રાખવાનું નામ સુવ્યવસ્થા છે.નારી ઘરની લક્ષ્મી છે.ઘરના સૌદર્ય તથા ઐશ્વર્યની દેવી છે.સુવ્યવસ્થા વિના ઘરમાં લક્ષ્મીનું સ્વરૂપ બગડી જાય છે.

નારી ઘરમાં રહે છે,તેના સ્વાસ્થ્યના માટે ઘરનાં કામકાજ જ સુંદર વ્યાયામ છે.જે નારી શારીરિક પરિશ્રમ કરે છે,આળસ તેની પાસે ફરકતી નથી.રૂપ ધન પૂત્ર વિધા બુધ્ધિ તથા અધિકાર વગેરેનો ગર્વ ના કરવો અને તમામની સાથે નમ્રતા તથા સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવો તેને નિરાભિમાનતા કહે છે. સ્ત્રીઓને અભિમાન બહું જલ્દીથી આવી જાય છે અને તેના આવેશમાં તે પડોશીઓને, આત્મિય સ્વજનોને એટલે સુધી કે સાસુ-સસરા,જેઠ-જેઠાણી વગેરે તથા પૂત્ર-જમાઇ તથા પૂત્રવધુનો પણ તિરસ્કાર કરી બેસે છે.જેના પરીણામે જીવનભરના માટે ક્લેશ વહોરી લે છે એટલા માટે હંમેશાં સાવધાનીપૂર્વક નિરાભિમાનતાથી અત્યંત વિનમ્ર વર્તાવ કરવો જોઇએ.નમ્ર વ્યવહારથી શત્રુ પણ મિત્ર બની જાય છે અને કઠોર વ્યવહારથી મિત્ર પણ શત્રુ બની જાય છે.મર્યાદિત ખર્ચ કરવો તેને કરકસર કહે છે.કરકસર ફક્ત પૈસાની જ નહી પરંતુ ઘરની વસ્તુ માત્રને સમજદારીથી યથાસંભવ ઓછું ખર્ચ કરવું જોઇએ.ઓછી આવકવાળાઓએ પોતાની આવકનો ચોથો ભાગ આકસ્મિક વિપદા આવી પડે તેના માટે તથા બાળકોના લગ્નપ્રસંગો માટે જમા રાખવો જોઇએ.જેવી રીતે ખોટા ખર્ચા કરવા દોષ છે તેવી જ રીતે પૈસા હોવા છતાં આવશ્યક ધાર્મિક તથા સામાજીક કાર્યોમાં કંજૂસી કરવી એ પણ દોષ છે.

બાળકોની બિમારીમાં તેમના માટે ફળ-દૂધ વગેરેમાં, શ્રાધ્ધ વગેરે ધાર્મિક કાર્યોમાં, ભગવાનની પૂજા તથા પર્વો-ઉત્સવમાં, દેવસેવામાં, બેટી-બહેનને આપવામાં, બાળકોમાં અભ્યાસમાં, સાસુ-સસરાની સેવામાં, વિધવા તથા આશ્રિતોના સત્કારપૂર્ણ ભરણપોષણમાં, ગરીબોની સેવામાં તથા પોતાના સ્વાસ્થ્યના માટે ભોજન-દવામાં જે નારી કંજૂસાઇ કરીને પૈસા ભેગા કરે છે તેનું પોતાનું નૈતિક પતન થાય છે.તેના આવા આદર્શથી તેના બાળકો પણ ખોટી શિક્ષા ગ્રહણ કરીને પતિત બની જાય છે.કોઇની સહાયતા કે સેવા કરીને અભિમાન ન કરવું, અહેસાન ન માનવું અને બદલાની અપેક્ષા પણ ના રાખવી.બીજાને દુઃખી જોઇને કોઇપણ પ્રકારના ભેદભાવ કે પક્ષપાત વિના તેનું દુઃખ દૂર કરવા માટે મનમાં જે તીવ્ર ભાવના ઉત્પન્નન થાય છે તેને પરદુઃખકારકતા કહે છે તેને દયા પણ કહેવામાં આવે છે. નારીમાં આ ગુણનો વિશેષ વિકાસ થાય તે ખુબ જ આવશ્યક છે.

જીવનના પ્રત્યેક કર્મ દ્વારા ભગવાનની સેવા કરવી.મનના પ્રત્યેક સંકલ્પ દ્વારા પ્રભુનું ચિંતન, પ્રભુ પ્રત્યે આત્મ સમર્પણ, પ્રભુને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા..આ ભક્તિનાં મુખ્યરૂપ છે.પ્રભુને જાણીને નામ સ્મરણ, ચિંતન-લીલાઓનાં વાચન, શ્રવણ, મનન, ધ્યાન, આજ્ઞાપાલન તથા પવિત્ર ધર્મગંથોનું અધ્યયન કરવું.

તન-મન તથા વચનોમાં બહારનો દેખાવ, દંભ, બાહ્ય શ્રૃંગાર, શોખ તથા કુટિલતા ત્યાગો, સાદગી અપનાવો. સતીત્વ નારીનું સર્વોત્તમ અને અનિવાર્ય આવશ્યક ગુણ છે.સતીત્વપૂર્ણ પતિવ્રતા નારીને જોઇને યમદૂત સ્વંયમ ભાગી જાય છે.પોતાના શરીરના જેટલા રૂવાળા છે એટલા અયુત કરોડ વર્ષો સુધી સતીત્વ સંપન્ન સ્ત્રીઓ પતિની સાથે સ્વર્ગમાં સુખપૂર્વક નિવાસ કરે છે.વધારે તો શું કહું ! આવી મહીમાપૂર્ણ નારી ચરિત્રોથી ધર્મશાસ્ત્રો પુરાણો ભરેલા છે.આવશ્યકતા છે તેના ચિંતન મનન અનુકરણ તથા ક્રિયાન્વમયન કરવાની !

વિનોદભાઇ માછી નિરંકારી<br>
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

---

# બાંધકામ ઉદ્યોગને મજબુત કરવા ખોફજનક સ્થળે મળેલી ખુફિયા બેઠકનો કાને સાંભળેલ અહેવાલ

" સાહેબ, લોકો આપણો ભઠો બેસાડવા બેઠા છે" એક માણસે હાંફતા હાંફતા આવીને કહ્યું. શહેરથી દૂર માત્ર પંદર કિમી અને સરખેજથી ૧૦ મિનિટના અંતરે અવાવરું જગ્યાએ નિર્માણાધીન બહુમાળી મકાનના આઠમા માળે ચાલી રહેલી બેઠકમાં આગંતુક કહ્યું. મકાનના ભોંયતળિયાથી ત્રણ માળ તૈયાર થઇ ગયા હતા. બાકીનું કામ પૈસા ન હોવાથી, ફ્લેટ , દુકાનોનું બુકિંગ ન થવાથી, વિવાદવાળી જમીનના કોર્ટકેસ-રેરાની કાર્યવાહી અને ભાગીદારોમાં ડખાથી ચૂડેલના વાંસા જેવી રૂપાળી બિલ્ડિંગમાં બાંધકામ ખાતાના અધિકારીઓની બેઠક ચાલી રહી હતી. બાંધકામ ખાતાના મોટા અધિકારીના બેનંબરી પૈસા આ પ્રોજેક્ટમાં ભીંતમાં પીપળો ઉગે તેમ ઉગ્યા હતા!!

" ગુપ્તા શું છે? આપણે બાંધીએ છીએ તે પુલનો સ્લેબ તૂટી ગયો? બિલકુલ ટેન્શન લેવાનું નહીં.!! નામ તેનો નાશ!! કોઇક સગ્રભાને મિસ કેરેજ થાય કે કોઇક મહિલાને પ્રસવ થયા પછી નવજાત શિશુનું મરણ થાય. જેનું સૌને દુખ થાય. જીંદગી અટકી જાય છે?? શોક વિસરાય જાય પછી જીંદગી બમણા વેગથી દોડે છે!! મુખ્ય ઈજનેર રાડાએ કહ્યું.

" સાહેબ . આ પેપર કટિંગ વાંચો " ગુપ્તાએ સાહેબને વિનંતી કરી.

" છાપાવાળા નવરા છે!! એ છાપામાં આપણી વિરુધ્ધ સમાચાર લખે. આપણે હાથી જેવું રાખવું .છાપાવાળાએ કયાં વિભાગ ચલાવવાનો છે?? કોન્ટ્રેકટરો આપણા ભાઇઓ છે. એ આપણા સહોદર નથી તો શું થયું? આપણા પ્રસંગો, તહેવારો, પ્રવાસો, કોલેજોની ફી,ઘરવાળીની ખરીદી સાચવી લે છે!! આપણા માટે કામધેનું છે!! ક્યારેક લાત મારી લે. આપણે દૂઝતી ગાયની લાત પણ ખાઇ લેવાની. આપણે અહર્નિશ કોન્ટ્રાકચરણામ લાભેષુ સેવામહેનો મંત્રોચ્ચાર કરવાનો" ડેપ્યુટી મહેતા સાહેબે ગુપ્તાને વિભાગ સંહિતા સમજાવી.

" હું કોન્ટ્રાકટર વિરોધી નથી.છાપાએ આપણા સૌના પેટ પર લાત મારવા જેવું લખ્યું છે!! આપણે આનું કાંઇક કરવું પડશે તેમ મારું કહેવું છે." ગુપ્તાએ હાથ જોડી નિવેદન કર્યું!!

" રાજ્યમાં વરસાદ કે બીજા કારણે રસ્તા તૂટી જાય છે. જેનાથી સમાજના તમામ રસ્તા સીસી રોડ બનાવવા રજૂઆત કરે છે!!" ભ્રષ્ટાચાર્ય નામના એકઝીક્યુટીવ એન્જિનિયર બોલ્યા.

" જુઓ ડામર રોડ પણ આપણે બનાવવાના છે.આપણે વર્લ્ડ કલાસ રોડ બનાવીએ છીએ. ચોવીસ કલાકમાં ડામર, કપચી એને બે-ત્રણ મહિનામાં તો રોડ હતો કે કેમ તે પણ શંકા જાય તેવો સરકારી ખરાબો તૈયાર કરીએ છીએ. સીલી સીસી રોડ આપણે જ બનાવવાના છે. હમણા કોઇ રેલ્વે સ્ટેશને સિમેન્ટની ગાદી કર્યા વિના રેતી લગાવી પેવર બ્લોક પાથરેલા. દેખાડા ખાતર સિમેન્ટના વાટા કર્યા હતા. લોટ, પાણીને લાકડા ઠઠાડી દેવાના!!આપણે સીસી રોડના ગેરફાયદા ગણાવવાના. સીસી રોડ પર વરસાદી પાણી પડે તો રોડ પલળતા ગાબડા પડે છે. ચોમાસામાં લપસી પડાય છે. ભારે વાહનોથી સીસી રોડ તૂટી જાય, ખૂબ ગરમી પડે એટલે સીસી રોડમાં તિરાડા પડી જાય. તેમાં ચોમાસામાં પાણી ભરાવાથી સીસી રોડ વપરાશ લાયક ન રહે. બીજી બાજુ કોન્ટ્રેક્ટરો ટેન્ડર કિંમત સામે બમણા તમણા ભાવ ભરે તેવો કુલડીમાં ગોળ ભાંગી દેવાનો!! એટલે સીસી રોજ પ્રોજેક્ટ ચોપટ થઇ જાય!" સચિવ સાહેબે ટેકનિકલ( ?) પીરસ્યું!!

આ બેઠકમાં ઠરાવ પસાર કરાયા.

જેમ કે -

રોડની ડીફેક્ટ લાયેબિલીટી મહતમ ત્રણ કલાક રહેશે. આ સમય પછી રોડ તૂટે તો કોન્ટ્રર્કટર નહીં પણ પડોશી દેશ પાકિસ્તાનને જવાબદાર ગણવાનો રહેશે.

અત્યારે જે વિકલ્પો ઉપલબ્ધ છે તેમાં પેવર રોડ ઉતમ છે. તેની ગુણવતા ચાઈનીઝ પ્રોડક્ટ જેવી છે. ચાલે તો ચાંદ સુધી નહીં તો શામ તક!!"'

રોડના કાંઠે સાઇન બોર્ડ લગાવવા કે આ રોડ છે, લગ્ન નથી રે પડ્યુ પાનું નિભાવવું પડે. જીવનમાં બે ભવ ન કરવા પણ રોડ તો છ માસે નવા બંને તો જ ચકાચક રહે!!

જીવનમાં શરીરનો ભરોસો નથી તો રોડનો ભરોસો શું કામ કરવું?? નામ તેનો નાશ કેટેગરીમાં રોડ પણ સમાવિષ્ટ છે!!

રોડની એકસપાયરી ડેટ પૂછવી નહીં.કેમ કે, જ્ઞાન પચતું નથી તો અતિજ્ઞાન અપચો કરે છે. પાંડુ પુત્ર સહદેવ અતિજ્ઞાનને લીધે ઉદ્વેગ સિવાય કશું અતિરિક્ત પામ્યા નથી.

રોડની એકસપાયરી ત્રણ કલાક રહેશે. આ અંગે કોઇ હક્ક દાવા ગ્રાહ્ય રહેશે નહીં.

કોન્ટ્રેકટરોને નુરસાનરૂપ સીલી સીસી રોડને ઊંડો ખાડો ખોદી દફનાવી દો.જય મય દાનવ. જય વિશ્વકર્મા દેવ. જય કોન્ટ્રેક્ટર દેવ.

ખાસ નોંધ - આ બેઠકમાં લંચ,અલ્પાહાર હોટલ લીલા કેમ્પેન્સકીમાંથી કરવામાં આવેલ છે. જેમાં અંડર ટેબલ યોગદાન બ્લેક લિસ્ટ થયેલા કોન્ટ્રેકટરોએ કરેલ છે. જેના પરથી બ્લેક લિસ્ટનું લેબલ હટાવવામાં આવશે . સૌને એસઓઆર મુજબ પેમેન્ટ મળી જશે!!!

ભરત વૈષ્ણવ<br>
૨૯.૯.૨૦૨૨.

---

# લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણે સીડીએસ તરીકેનો કાર્યભાર સંભાળ્યો કાર્યભાર, શહીદોને શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૩૦

લેફ્ટનન્ટ જનરલ અનિલ ચૌહાણે દેશના નવા સીડીએસ એટલે કે ચીફ ડિફેન્સ ચીફ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. આ પહેલા અનિલ ચૌહાણ આજે શુક્રવારે દિલ્હીમાં વોર મેમોરિયલ પહોંચ્યા હતા અને અમર જવાન જ્યોત અને વોર મેમોરિયલ ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન સીડીએસ જનરલ અનિલ ચૌહાણે કહ્યું કે, ભારતીય સશસ્ત્ર દળોમાં સર્વોચ્ચ પદની જવાબદારી નિભાવીને મને ગર્વ છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે હું



ત્રણેય સંરક્ષણ દળોની અપેક્ષાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરીશ. અમે સાથે મળીને તમામ પડકારો અને મુશ્કેલીઓનો સામનો કરીશું અને તેનો સામનો કરીશું.

અનિલ ચૌહાણે કહ્યું કે, ભારતીય સશસ્ત્ર દળોમાં સર્વોચ્ચ પદની જવાબદારી નિભાવીને મને ગર્વ છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે હું ત્રણેય સંરક્ષણ દળોની અપેક્ષાઓ પૂર્ણ કરવાનો પ્રયાસ કરીશ.

અનિલ ચૌહાણે આર્મી ચીફ જનરલ મનોજ પાંડે અને એર ચીફ એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ વાઇસ એડમિરલ એસએન ઘોરમાડે અને નૌકાદળના વાઇસ ચીફ એર માર્શલ બીઆર કૃષ્ણા સાથે મુલાકાત કરી હતી. તે જ સમયે, ત્રણેય સેનાઓએ તેમને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું.

---

# ૧ ઓક્ટોબર, "વિશ્વ શાકાહાર દિવસ"

## શાકાહાર અપનાવો, રોગ ભગાવો

## માંસાહાર સર્વનાશાહાર, શાકાહારી બનો




૧ ઓક્ટોબરે, "વિશ્વ શાકાહાર દિવસ" મનાવવામાં આવે છે. વર્તમાન સમયમાં જે પ્રકારે માંસાહારનું ખોટું માર્કેટિંગ કરવામાં આવે છે તેનાથી ઘણા લોકો ગેરમાર્ગે દોરાયા છે. માંસાહાર ખાવાના શોખીન લોકો સાથે હવે આવા ગેરમાર્ગે દોરાયેલા લોકો પણ જોડાયા છે. ભારત દેશમાં તો પશુ-પક્ષી-પ્રાણીને દેવી તેમજ દેવતાઓનાં વાહન તરીકે સ્વીકારવામાં આવ્યા છે. ગણપતિને ઉંદર, કાલભૈરવ તથા ખંડોબા માટે શ્વાન, સરસ્વતી માટે મોર, જગદંબાનું વાહન સિંહ, મા દુર્ગા માટે વાઘ, દેવી લક્ષ?મી માટે ઘુવડ, વૈષ્ણવી માતા માટે ગરૂડ, માતા મહેશ્વરી માટે નંદી, ગંગા માતાનું વાહન મકર, દેવી ઈન્દ્રાણી માટે હાથી, મા ઘુમાવતી માટે કાગડો અને બહુચરા માતા માટે મગર! રામ ભગવાન પણ પશુ-પક્ષીઓને ખુબ આદર આપતા. પરંતુ સવાલ એ છે કે સ્વયં દેવતાઓનાં વાહન ગણાતાં આવા પશુ-પક્ષી અને પ્રાણીઓની અત્યારે હાલત શું છે? અને એનાથી પણ વધુ મહત્વનો સવાલ એ છે કે આવી હાલત પાછળ કોણ જવાબદાર છે?

વેજીટેરીયન ખોરાકનાં ઘણા ફાયદાઓ હોય છે :

વેજિટેરિયન ખોરાક વધુ સંતુલિત હોય છે. માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સ-પેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડ-પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે.

શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજ-ફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઈબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડ-પ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે.

શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેક્સ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે.

શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે.

શાકાહાર પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે.

શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્?વનું ઘટક સેરીબ્રોસાઈડ નામનું તત્?વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે.

પ્રવર્તમાન કોરોના બિમારી પણ ચીનમાંથી માંસાહાર થકી ફેલાયેલી છે, એવું માનવામાં આવે છે.

? મનુષ્યનું પેટ મરેલા પશુ-પક્ષીઓનું કબ્રસ્તાન કે સ્મશાન નથી, પશુ-પક્ષીઓને ખાતા પહેલા તેમને મારવા પડે છે.

હાથી, ઘોડો, ગાય, ગેંડો, હિપોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે.

શાકાહાર અપનાવો, રોગ ભગાવો<br>
માંસાહાર સર્વનાશાહાર, શાકાહારી બનો<br>
- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No 121
વિષયઃ નવરાત્રી
પ્રકારઃ ગરબો
શીર્ષકઃ આજ નવરંગી માંડવે પધારો રે..
- ગરબો

આજ અંતરમાં ઉમટ્યા, ઘણા ઓરતા રે લોલ...
હૈયે ઊભર્યો છે ઉલ્લાસ, માના નોરતા રે લોલ...
દેજો દેજો રે! અરે દેજો મીઠો હોંકા...રો રે.
મારી અંબાને, જગત અંબાને પોકા...રો રે.
આજ નવરંગી માંડવે પધારો રે..
રૂડા મોતીએ મઢયા છે, બાજોઠ સાગના રે લોલ...
મેં તો ફૂલડાં ચૂંટયા છે, મોહક બાગના રે લોલ...
એવી નજરૂએ, મીઠી નજરૂએ હેતથી વધા...વો રે.
મખમલના, હા રે! રેશમના આસન બિછા..વો રે.
આજ નવરંગી માંડવે પધારો રે...
સૈયર ગરબા કોરાવ્યા , નોખી ભાતમાં રે લોલ...
ચમકે છે દીવડાં ઘીના, ઘેરી નવરાતમાં રે લોલ...
આવો ને, બહુચર આવો ને સૈયર સંગ ઘુમ...વા રે.
અંબા આવો ને, ધરી સોળે શણગાર ઝૂમ...વા રે.
આજ નવરંગી માંડવે પધારો રે...
અસુરોનાં કાળ બન્યા, લઈ ત્રિશૂળ હાથમાં રે લોલ...
દેવોએ ગુણલા ગાયા, લઈ હરિ-હર સાથમાં રે લોલ...
ખમ્મા ખમ્મા રે! માડી ખમ્મા રે! વેદે વખાણી...યા રે.
ઋષિઓએ, હા રે મુનિઓએ, ચરણ પખાળી...યા રે.
આજ નવરંગી માંડવે પધારો રે...

જગે અંશ પ્રગટયો, ભાળ્યો હરેક નારમાં રે લોલ...
ઉરે ભાવ સળગ્યો, એને માડી વ્હાર માં રે લોલ...
સમરો હો, અંબા સમરો હો, 'હાર્દ' લ્હાવો કમા..વો રે.
એવા હેતે હો, ભીના હેતે હો, મૈયા બાળ સમા..વો રે.
આજ નવરંગી માંડવે પધારો રે...
તા-૨૮/૯/૨૦૨૨
હાર્દિક રાવલ. 'હાર્દ' મહેસાણા

---

N O G SS No : 0089
નવરાત્રી
શીર્ષક ઘેરદાર ઘાઘરો
પદ્ય
———-
ઘાઘરો , કાપડું અને ઓઢણા વીના
નવરાત્રી કેવી ?
—
છેલ છબીલા વાલમ મારા સાંભળો
મારે હાટુ કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
તેમાં રંગબેરંગી આભલા ટંકાવજો
કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
———-
સાથે કાપડું ને ઓઢણું પણ લાવજો
તેમાં રણઝણતી ઘુઘરીઓ ટંકાવજો
મારે હાટુ કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
———-
નવ વારનો ઘેઘુર ઘેર સિવડાવજો
તેમાં ભાતભાતના ચાકડા ચોંટાડજો
મારે હાટુ કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
————
પેલા રેશમને સાટીનનો ઘાઘરો લાવજો
તેમાં નાડાછડીથી ભાત પડાવજો
મારે હાટુ કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
—-
અંબા રાંદેલ ને કાલકા માવડી પધરાવજો
ગરબે ઘુમાતી સાહેલડી તેડાવજો
મારે હાટુ કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો

---

NOG SS No/0044
વિષયઃ- નવલી નવરાચ
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- લાખેણાં આશિષ.
શબ્દોઃ-૮૫

મિત્રો ગરબે ઘૂમવા થઈ જાવ તૈયાર .
આવી નોરતાંની રાત મારી માડીને વ્હાલપનાં તેડાં.
જગદંબા માડી તમે આવજો હો ....લાખેણાં આશિષ દેવા.
અક્ષત કંકુ થી તમને વધાવું,
હીરાનાં બાજઠીયે તમને બેસાડું.
ગરબે રમવાને આવજો હો ....લાખેણાં આશિષ દેવા.
આંગણીયે રુડાં ગરબા ગવાય,
રુમઝૂમ પગલે માડી પધારો .
પ્રથમ તારી આરતી ઉતારું
આશિષ અમને દેજો રે...
તારા ચરણોમાં દંડવત્ પ્રણામ ,
કરવા છે મારે મસ્તક નમાવી.
ફૂલડે વધાવું ને મોતીડે વધાવું ?.
માડી તને મોંઘેરાં આવકાર આપું.
માડી તમે આવોને લાખેણાં આશિષ દેવાં.
શ્રવિભૂતિ દેસાઈ , ઘાસવાલા બિલીમોરા .

---

NOG. SS. NO. 0097
વિષયઃ હાસ્ય, નવરાત્રી
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ હાસ્ય થેરાપી

આપણા જીવનના દરેક પડાવ પર અનેક નાની મોટી માંદગી આવતી હોય છે. કેટલીક સાધારણ હોય છે તો કેટલીક અસાધારણ.તો વળી કેટલીક મનગમતા મહેમાન જેવી થોડીક વધારે રોકાયને જતી રહે. લાંબું નથી રોકાતી. આપણે દરેક માંદગી મુજબ એના ઇલાજ કરતા હોઈએ છીએ.

પહેલાં આયુર્વેદ જ ઉપાય હતો. તયાર બાદ એલોપથી સારવાર અસ્તિત્વમાં આવી.હવે તો ખુબ શોધખોળ થઇ અને નિતનવી થેરાપી અસ્તિત્વ માં આવી.હાસ્ય થેરાપી તેમાંની એક છે.અત્યાર સુધી હાસ્યને ફક્ત ટીખળ થી ઉત્પન્ન થતું મજાકિયુ આનંદી વાતાવરણ. તરીકે માનવતામાં આવતું હતું.

ખાસ કરીને લગ્ન જેવા શુભ પ્રસંગે કે પારિવારીક મેળાવડા સમયે હાસ્યની છોળો ઉઠતી જેવા મળતી. સરખી સાહેલી કે મિત્રવૃંદમાં ઠઢા મશ્કરી અને હાસ્યના ફુવારા ઉડે. છેલ્લાં કેલાંક વરસોથી આપણે જોઈશું તો, મોટા શહેરોમાં હાસયકલાકારોને ખાસ આમંત્રીને હાસ્ય દરબારના આયોજનો થાય છે. હવે તો ગામડે ગામડે આવા આયોજનો થાય છે.હાસ્ય કલાકારોએ પોતાની આ કળાને આજીવિકાનું સાધન બનાવ્યું છે.મહિલાઓ પણ નાટક,સિનેમા,સિરિયલો વગેરેમાં પણ હાસયકલાકાર તરીકે ઊભરી રહી છે.એ એક પ્રશંસનીય બાબત છે. આ તો થઈ મનોરંજનની વાત. પરંતુ સંશોધકોએ સાબિત કર્યું છે કે,હાસ્ય દ્વારા જટિલ રોગોની સારવાર પણ થઈ શકે છે. દવાની સાથે સાથે હાસ્ય ના પ્રયોગોની પણ દર્દી ને સારવાર આપવામાં આવે છે. અને એના નોંધનીય ફાયદા પણ જેવા મળે છે.મોટા શહેરોમાં મોરનિંગવોક ગૃપના સભ્યો સવારમાં સમૂહમાં મોટોમોટેથી હસવાની કસરત કરતા જોવા મળશે. આ ચોક્કસ પ્રકારની હસવાની કસરત કરવાથી શરીરના દ્રશ્ય અદ્રશ્ય બધા અંગો ચેતનવંતા બંને છે.એટલો સમય માટે તમે બધું ભુલી ને એક અલગ જ દુનિયામાં પહોંચી જાવ છો. મારા મતે હાસ્ય એ પણ એક પ્રકારનો યોગ જ છે. જે તમને તંદુરસ્ત રાખે છે. જેમ આપણે દવા સાથે દુવાનું મહત્વ સ્વીકારીએ છીએ એજ રીતે હાસ્યનું મહત્વ સ્વીકારીને આપણા જીવનમાં હાસ્યને સ્થાન આપવું જોઈએ.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા-સિડની

---

NOG NO.: S.S.0059.
વિષયઃ 'નવલી નવરાત '.
પ્રકાર : પધ્ય.હાઈકુ .
શબ્દોઃ હાઈકુ નવ.શબ્દો ૧૫૩.
જયકાન્ત ઘેલાણી - ---પ્યારે'.

બધી મા ખૂશ !
કરો શક્તિ પૂજા
છે નવ રાત !
મળે ચેતના
ભાવે કરો અર્ચના
રીઝે અંબામા !
છે નવરાત્રી
વાગે ઢોલ નગારા
સાથે પિપૂડી !
જામી ૯ રાત
ગૂંજે ઢોલ નગારા
સાથે પિપૂડી !
આધ્ય શકિત !
આવે તમ આંગણે
સમરો ભાવે !
બાલ-ગોપાલ
નાચે દિવસ રાત
છે નવરાત્રી !.
દુર્ગા' અંબાજી'
મહેશ્ર્વરી' કાલિકા'
સાથ કરૂણા'
રોદ્ર કાલિકા
ને મહાકાલી પણ,
સાથે કરૂણા ! '
શૂભ આશિષ
મા' વર્ષે પૃથ્વી પટે
પ્યારે' માગું એ !
જયકાન્ત ઘેલાણી -પ્યારે'.

# વિક્લી માર્કેટ રિપોર્ટ
## વાયદા બજાર પર સોનામાં રૂ.૬નો મામૂલી ઘટાડોઃ ચાંદી રૂ.૧,૮૬૭ ડાઊન

કોટનના વાયદો રૂ.૨,૦૨૦ના ભાવઘટાડા સાથે રૂ.૩૦,૭૯૦ના સ્તરે પહોંચ્યોઃ મેન્થા તેલમાં સુધારોઃ ક્રૂડ તેલમાં નરમાઈઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૪૨૭૦૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૨૦૦૨૪ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૬૩૧ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૩ થી ૨૯ સપ્ટેમ્બરના સપ્તાહ દરમિયાન ૩૩,૫૯,૯૮૧ સોદાઓમાં કુલ રૂ.૨,૬૩,૩૫૮.૭૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૪૨૭૦૩.૫૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૨૦૦૨૩.૯૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૩,૬૭,૨૭૯ સોદાઓમાં કુલ રૂ.૭૫,૧૧૯.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૦૦૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૦,૧૩૦ અને નીચામાં રૂ.૪૮,૯૮૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૬ ઘટી રૂ.૪૯,૯૯૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૭૭ ઘટી રૂ.૩૯,૫૫૯ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૭ ઘટી રૂ.૪,૯૬૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૯૫૨ના ભાવે ખૂલી, રૂ.૫૩ ઘટી રૂ.૪૯,૯૦૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૮,૦૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૮,૨૫૦ અને નીચામાં રૂ.૫૪,૩૫૫ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ. ૧૮૬૭ ઘટી રૂ.૫૬,૧૬૦ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૧૭૫૬ ઘટી રૂ.૫૬,૬૧૨ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૦૧ ઘટી રૂ.૫૬,૭૪૩ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૫૭,૧૫૯ સોદાઓમાં રૂ.૨૩,૪૭૩.૮૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૫ ઘટી રૂ.૧૯૧.૯૫ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૧૬.૭૦ ઘટી રૂ.૨૬૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૯.૩૫ ઘટી રૂ.૬૪૩ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૧૮૦ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫,૫૪,૮૪૬ સોદાઓમાં કુલ રૂ.૪૩,૭૯૪.૯૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૭૭૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૮૦૬ અને નીચામાં રૂ.૬,૨૯૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૧૦૭ ઘટી રૂ.૬,૭૦૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૪.૯૦ ઘટી રૂ.૫૬૭.૯૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૩,૯૮૮ સોદાઓમાં રૂ.૩૧૪.૮૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૭૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૩,૦૧૦ અને નીચામાં રૂ.૩૦,૫૩૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૦૨૦ ઘટી રૂ.૩૦,૭૯૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦ વધી રૂ.૯૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩૬,૧૮૨.૦૬ કરોડનાં ૭૨,૯૫૯.૭૨૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૮,૯૩૭.૮૮ કરોડનાં ૬,૯૧૫.૪૮૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૬,૮૧૮.૩૦ કરોડનાં ૨,૫૭,૪૧,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૬,૯૭૭ કરોડનાં ૪૭૬૬૩૬૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૩૬.૮૩ કરોડનાં ૭૫૯૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭૮.૦૪ કરોડનાં ૭૮૯.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૩૩૫.૨૧૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૩૨.૨૧૪ ટન, ક્રૂડ તેલમાં ૬૩૦૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૭૬૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૨૭૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૬૭૯.૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૬૩૧.૧૯ કરોડનાં ૯,૧૯૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૯૬૩ના સ્તરે ખૂલી, ૧૨૬ પોઈન્ટ ઘટી ૧૩,૮૧૪ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧,૨૦,૦૨૩.૯૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૯૬૬.૬૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૦૫૮.૮૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૦,૦૬૨.૭૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૨,૯૨૧.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

# જો તમે ખોટો ખોરાક ખાશો તો તે તમને ખોટા રસ્તે લઈ જશે. 'તામસિક' ખોરાક ન ખાવો જોઈએ.: ભાગવત

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે સંકટ સમયે શ્રીલંકા અને માલદીવને ભારત દ્વારા આપવામાં આવેલી મદદની પ્રશંસા કરી છે. આ સાથે તેણે એ પણ જણાવ્યું કે વ્યક્તિએ કેવો ખોરાક ખાવો જોઈએ.

ભાગવતે આરએસએસ સાથે જોડાયેલા સંગઠન 'ભારત વિકાસ મંચ'ના એક કાર્યક્રમમાં કહ્યું કે, જ્યારે શ્રીલંકા અને માલદીવ સંકટમાં હતા ત્યારે માત્ર ભારતે જ તેમની મદદ કરી હતી, જ્યારે અન્ય દેશો બિઝનેસની તકો શોધવામાં રસ ધરાવતા હતા.

ભાગવતે કહ્યું, ×ચીન, અમેરિકા અને પાકિસ્તાન જેવા દેશોએ શ્રીલંકા તરફ જોયું જ્યારે તેઓએ ત્યાં વેપારની તકો જોઈ. પરંતુ જ્યારે શ્રીલંકા મુશ્કેલીમાં હોય ત્યારે કોણ મદદ કરે છે? માત્ર ભારત. જ્યારે માલદીવ જળ સંકટનો સામનો કરી રહ્યું હતું ત્યારે તેને કોણે પાણી મોકલ્યું? ભારતે આ કર્યું. આ આધ્યાત્મિક ભારત છે. ભાગવતે કહ્યું કે આધ્યાત્મિકતા એ ભારતનો આત્મા છે. તેણે કહ્યું, 'ભારતને શું કરવાની જરૂર છે? આ આધ્યાત્મિકતાના આધારે જીવન કેવી રીતે જીવવું તે તેમણે પોતાના ઉદાહરણ દ્વારા દરેકને જણાવવાનું છે.

વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ વિશે વાત કરતાં તેમણે કહ્યું, 'જો તમે ખોટો (પ્રકારનો) ખોરાક ખાશો તો તે તમને ખોટા રસ્તે લઈ જશે. 'તામસિક' ખોરાક ન ખાવો જોઈએ.' તેમણે કહ્યું કે ભારતમાં પણ લોકો વિશ્વના અન્ય ભાગોની જેમ માંસ ખાય છે, પરંતુ તેઓ સંયમ રાખે છે અને તેમ કરતી વખતે કેટલાક નિયમોનું પાલન કરે છે. ભાગવતે કહ્યું, 'જે લોકો અહીં માંસાહારી ભોજન કરે છે, તેઓ આખો શ્રાવણ મહિનો માંસ ખાતા નથી. તેઓ સોમવાર, મંગળવાર, ગુરુવાર કે શનિવારે માંસ ખાતા નથી. તેઓ પોતાના માટે કેટલાક નિયમો બનાવે છે.

ભાગવતે કહ્યું કે આપણે તે બનવું પડશે જે ભારતની આત્મા ભારતના દરેક વ્યક્તિમાં કાર્ય કરે છે.

ભારતમાં એક મન, એક બુદ્ધિ અને એક આત્મા છે. તેમનું એકમાત્ર સ્વ સત્ય છે. ભારત સત્યની અનુભૂતિથી બનેલું છે. મોહન ભાગવતે આ ટિપ્પણી એવા સમયે કરી છે જ્યારે દેશભરમાં નવરાત્રીનો તહેવાર ઉજવાઈ રહ્યો છે.

આ સમય દરમિયાન લોકો ઉપવાસ રાખે છે અને માંસ અને દારૂથી દૂર રહે છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજા પર પ્રાણીઓની બલિ ચઢાવવામાં આવે છે.

# આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ગાંધી પરિવારને એક્સપાયર થઈ ગયેલી દવા ગણાવી

ગોવાહાટી,તા.૩૦

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કોંગ્રેસ પર કટાક્ષ કરતા ગાંધી પરિવારને એક્સપાયર થઈ ગયેલી દવા ગણાવી છે. સરમાએ કહ્યું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પીએમ મોદીના નેતૃત્વમાં બીજેપીના નેતૃત્વવાળી એનડીએ મોટી બહુમતી સાથે સત્તામાં પરત ફરશે.કોંગ્રેસ માને છે કે તે શાસક પક્ષ છે અને ભાજપે તેની પાસેથી સત્તા છીનવી લીધી છે.

શર્માએ કહ્યું કે ભારતમાં વિપક્ષી પાર્ટીઓ માટે લોકશાહીના સામાન્ય પ્લેટફોર્મ ઉપલબ્ધ છે અને ત્યાં એક ઈનબિલ્ટ સિસ્ટમ છે. પરંતુ ગાંધી પરિવારને વિરોધ પક્ષ તરીકે ન જુઓ. તેઓ એક્સપાયર્ડ દવા છે. તેઓ વિરોધ પક્ષની જવાબદારી પણ નિભાવી શકતા નથી કારણ કે તેઓ વિપક્ષમાં છે એવું પણ માનતા નથી. તેઓના મનમાં છે કે અમે શાસક પક્ષ છીએ. ક્યાંક તેમને લાગે છે કે નરેન્દ્ર મોદી સત્તાના જોરે પીએમની ખુરશી પર છે અને તે ખુરશી તેમની છે. તેઓ વિપક્ષમાં ભારે નારાજગી સાથે છે.

હિમંતાએ કહ્યું, ×નોકરશાહીના વિવિધ વર્ગોમાં એવી ધારણા છે કે કોંગ્રેસ શાસનનો સ્વાભાવિક પક્ષ છે અને તેને તોડી નાખવો જોઈએ. 'ત્યારે સાચી રીતે લોકશાહી હશે.' હિમંતાએ કોંગ્રેસ પર સત્તામાં રહીને વિપક્ષી સરકારો સામે કલમ ૩૫૬નો દુરુપયોગ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું, 'નરેન્દ્ર મોદીએ એક પક્ષની વ્યવસ્થાને પડકારી હતી. તેઓ કોંગ્રેસ નેતૃત્વને પડકારી રહ્યા છે.બે દાયકાથી કોંગ્રેસમાં રહેલા હિમંતા બિસ્વા સરમા લાંબા સમયથી ભાજપનો હિસ્સો છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, 'કોંગ્રેસનો સફાયો થયા બાદ એક નવો રાજકીય પક્ષ ઉભરી આવશે, જેને એવી સમજણ હશે કે તે વિરોધ પક્ષ છે અને પછી ભારતમાં સામાન્ય પાવર પ્લે શરૂ થશે.'

તેમણે કહ્યું, 'હજુ પણ એક પક્ષનું શાસન હોઈ શકે છે પરંતુ એક પરિવારનું શાસન કરવામાં આવ્યું છે. તમે એક એવી સંસ્થા બનાવવા માંગો છો, જ્યાંથી આખું ભારત ૧૦ જનપથથી ચાલી શકે. તમને આવી સંસ્થા ક્યારેય નહીં મળે. તમને જણાવી દઈએ કે ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું હતું. ઘણા વરિષ્ઠ નેતાઓએ પાર્ટી છોડી દીધી છે. હવે રાષ્ટ્રપતિની ચૂંટણી અને રાહુલની ભારત જોડો યાત્રા વચ્ચે રાજસ્થાનમાં પણ કોંગ્રેસ માટે મુશ્કેલીઓ વધી ગઈ છે.

# હાઈકોર્ટે પ્રતિબંધિત સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાને ૫.૨ કરોડ રૂપિયા ચૂકવવાનો નિર્દેશ આપ્યો

કોચ્ચી,તા.૩૦

પીએફઆઈ સામેના દરોડા અને તેના કેટલાક સભ્યોની ધરપકડના વિરોધમાં ૨૩ સપ્ટેમ્બરે આયોજિત તેની હડતાળ દરમિયાન પોતાની બસોને થયેલા નુકસાન અને સેવાઓમાં કાપ માટે વળતરની આ માંગણી કરી છે. કેરળ હાઈકોર્ટે જણાવ્યું હતું કે પ્રતિબંધિત સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ)ને કેરળ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકારને માંગવામાં આવેલ રૂ. ૫ કરોડથી વધુનું વળતર ચૂકવવા માટે નિર્દેશિત કરવામાં આવશે. તેને રાજ્ય સરકારમાં જમા કરો. કેએસટીટીસી પીએફઆઈ સામેના દરોડા અને તેના કેટલાક સભ્યોની ધરપકડના વિરોધમાં ૨૩ સપ્ટેમ્બરે આયોજિત તેની હડતાળ દરમિયાન બસોને થયેલા નુકસાન અને સેવાઓમાં કાપ માટે વળતરની આ માંગણી કરી છે.કેએસઆરટીસી તરફથી હાજર રહેલા એડવોકેટ દીપુ થંકને જણાવ્યું હતું કે કોર્ટે કહ્યું કે હડતાલ સંબંધિત હિંસા અને સંપત્તિને નુકસાન અંગે નોંધાયેલા તમામ કેસોમાં સંગઠનના ભૂતપૂર્વ મહાસચિવ અબ્દુલ સત્તારને પક્ષકાર બનાવવાનો નિર્દેશ આપવામાં આવશે.

# નવલી નવરાત્રિમાં ગરબાની રમઝટ સાથે નેશનલ ગેમ્સનો રંગારંગ પ્રારંભ

અમદાવાદ,

ગુજરાતની યજમાનીમાં યોજાઈ રહેલી ૩૬મી નેશનલ ગેમ્સનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આજે શાનદાર શુભારંભ થયો હતો. ગુજરાતમાં નવરાત્રિમાં ગરબાની રમઝટ વચ્ચે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, મોટેરા, અમદાવાદ ખાતે દેશના સૌથી મોટા રમતોત્સવનો રંગારંગ પ્રારંભ થયો.



નેશનલ ગેમ્સનો શુભારંભ કરાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશની પ્રગતિ અને વૈશ્વિક ફલક પર સન્માનનો રમત–ગમત સાથે સીધો સંબંધ છે. યુવાનો રાષ્ટ્ર ઘડતરમાં મહત્વનું યોગદાન આપે છે જ્યારે સ્પોર્ટ્સ યુવાનોમાં ઊર્જા અને ઉત્તમ જીવનનિર્માણનો પ્રમુખ સ્ત્રોત બની રહે છે. વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે વિકાસમાં ઉચ્ચ સ્થાને રહેલા દેશો રમત ગમત અને આંતરરાષ્ટ્રીય રમતોમાં મેડલ વિજેતામાં પણ અગ્રેસર રહે છે. ખેલના મેદાનમાં ખેલાડીઓની જીત અને દમદાર પ્રદર્શન અન્ય ક્ષેત્રોમાં પણ જીતનો રસ્તો બનાવે છે. સ્પોર્ટસ પાવર દેશની ઓળખ ઉભી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

વડાપ્રધાનશ્રીએ આઝાદીના અમૃત કાળનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, સ્ટાર્ટ્સ વિથ એક્શન એટલે કે કોઈપણ કાર્યની શરૂઆત કરીને તે પથ પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવા સતત ચાલતા રહેવાના જુસ્સા સાથે જ નવા ભારતની શરૂઆત કરી છે. દેશ અને દુનિયામાં રમાતી વિભિન્ન રમતો વર્ષો સુધી ભારતીય માટે ફક્ત સામાન્યજ્ઞાન સુધી સિમીત રહી હતી, પરંતુ છેલ્લાં આઠ વર્ષમાં રમત-ગમત ક્ષેત્રે દેશ અને યુવાનોનો મિજાજ બદલાયો છે. ૮ વર્ષ અગાઉ દેશના રમતવીરો ૧૦૦ જેટલી જ આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ઈવેન્ટમાં જ ભાગ લઈને જૂજ રમતોમાં સહભાગી બનતા હતા, જ્યારે આજે દેશના યુવા રમતવીરો ૩૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની ઈવેન્ટમાં ભાગ લઈ ને ૪૦થી વધુ રમતો રમતા થયા છે. જેના પરિણામે ભારતના મેડલની સંખ્યા સાથે દેશની ચમક પણ વધી છે.

વડાપ્રધાનશ્રીએ કોરોનાનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે કોરોનાના કપરા સમયગાળામાં પણ સરકારે ખેલાડીઓનું મનોબળ તૂટવા દીધું નથી. કેન્દ્ર સરકારે યુવાનોને રમત ગમત માટેનાં તમામ સંસાધનો આપ્યા છે. દેશમાં સ્પોર્ટ્સ સ્પિરિટની સાથે સ્પોર્ટ્સના ડેવપલમેન્ટ માટે કામ કર્યું, જેના પરિણામે જ તાજેતરમાં રમાયેલા ઓલમ્પિક્સમાં ભારતીય ખેલાડીઓએ અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન કરીને સૌથી વધુ મેડલ જીત્યા છે. તદ્ઉપરાંત તાજેતરની પેરાઓલ્મિપકમાં ૪૭ જેટલા રેકોર્ડ બ્રેક મેડલ જીત્યા છે. રમત ગમતમાં દેશની દીકરીઓ પણ ખભેથી ખભા મિલાવીને ભાગીદાર બનીને તિરંગાની શાન વધારી રહી છે, એવું વડાપ્રધાન શ્રીએ ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું કે આજે છેલ્લાં ૮ વર્ષમાં યુવાનોમાં સ્વપ્નને સાકાર કરી શકવાનો વિશ્વાસ વધ્યો છે. સરકાર હવે રમત ગમત માટે માત્ર યોજનાઓ બનાવતી નથી, બલકે યુવાનોની સાથે કદમથી કદમ મિલાવીને આગળ વધી રહ્યો છે. જેના પરિણામે ખેલાડીઓને વધુમાં વધુ સંસાધનો અને અવસર પ્રાપ્ત થઈ રહ્યા છે. છેલ્લાં ૮ વર્ષમાં રમતગમત ક્ષેત્રનું બજેટ ૭૦ ટકા વધ્યું છે. ફિટ ઈન્ડિયા અને ખેલો ઈન્ડિયા આજે જન આંદોલન બન્યાં છે, તેમ વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું.

સ્પોર્ટસ અને રમતો ભારતીય સંસ્કૃતિ અને સંભ્યતા નો અભિન્ન હિસ્સો હોવાનું જણાવી વડાપ્રધાન શ્રીએ કહ્યું કે, આપણી વિરાસતના ગર્વ સાથે ખેલની પરંપરાને પુનર્જીવિત કરવામાં આવી રહી છે. કલારીયપટ્ટું અને યોગાસન જેવી પ્રાચીન ભારતીય રમતોને આ નેશનલ ગેમ્સમાં સામેલ કરીને હજારો વર્ષોની પરંપપરાને આગળ વધારીને ખેલ જગતના ભવિષ્યને નેતૃત્વ આપ્યું છે.

અમદાવાદના ડ્રોન શો નો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રી એ જણાવ્યું હતુ કે, અમદાવાદમાં જે પ્રકારનો શાનદાર અને ભવ્ય શો યોજાયો તે જોઈને દરેક ભારતીય ગૌરવપૂર્ણ ઘટના બની રહી. ડ્રોન ટેકનોલોજી જેવો શ્રેષ્ઠ ઉપયોગ ગુજરાત અને ભારતને નવી વૈશ્વિક ઉંચાઈઓ પર લઈ જશે જેમાં બેમત નથી.

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રી એ જણાવ્યું કે, આ કોમ્પલેક્ષમાં ફુટબોલ, હોકી, બોક્સિંગ, બાસ્કેટબોલ, કબડ્ડી જેવી અનેક રમતોની સુવિધાઓ એક સાથે ઉપલબ્ધ જે તે સમગ્ર દેશ માટે એક મોડલરૂપ બની રહેશે.

દેશનાં ૩૬ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૭૦૦૦થી વધુ ખેલાડીઓ, ૩૫,૦૦૦થી વધુ કૉલેજ-યુનિવર્સિટીઓના ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ નેશનલ ગેમ્સમાં સીધા સહભાગી બનીને ૩૬મી નેશનલ ગેમ્સના ‘જુડેગા ઈન્ડિયા, જીતેગા ઈન્ડિયા’ એન્થમને સાકાર કર્યું છે, તેમ વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું. વડાપ્રધાનશ્રીએ માહોલ જોઈને જણાવ્યું હતું કે, નેશનલ ગેમ્સના શુભારંભ પ્રસંગે સર્જાયેલ દશ્યો, તસ્વીર અને માહોલ અવિસ્મરણીય છે. વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમમાં, વિશ્વનો સૌથી યુવા દેશ, દેશના સૌથી મોટા ખેલ ઉત્સવનું આયોજન અદભુત અને અદ્વિતીય હોય ત્યારે તેની ઊર્જા પણ એવી જ અસારધારણ હોવાની તેવું તેમણે સ્પષ્ટપણે કહ્યું હતુ. વડાપ્રધાનશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સમગ્ર ટીમ ગુજરાતને ખૂબ જ ટૂંકાગાળામાં નેશનલ ગેમ્સનું શ્રેષ્ઠ આયોજન કરવા બદલ પ્રશંસા કરીને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૩૬મી નેશનલ ગેમ્સનું ભવ્ય આયોજન ત્રણ જ મહિનાના ટુંકાગાળામાં ગુજરાતે પાર પાડયું છે.

સામાન્ય રીતે આવા મોટા કાર્યક્રમના આયોજનમાં વર્ષો લાગી જતા હોય છે પરંતુ ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈએ વિકસાવેલા વર્ક કલ્ચરને પરિણામે માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં નેશનલ ગેમ્સનું આયોજન સંપન્ન થયું છે. દેશમાં સાત વર્ષ પછી નેશનલ ગેમ્સ યોજાઈ રહી છે ત્યારે આ પ્રસંગ ખેલાડીઓ માટે અવિસ્મરણીય બની રહે તેવા તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ૩૬મી નેશનલ ગેમ્સના શુભારંભ પ્રસંગે ભારતની યુવાશક્તિના ઉત્સાહની ગૂંજ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા શ્રી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સંભળાઈ રહી છે. તેમણે કહ્યું કે, ૩૬મી નેશનલ ગેમ્સ વડાપ્રધાનશ્રીની ‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’ની ભાવનાને વધુ મજબૂત કરવાની દિશામાં એક ઉત્તમ પહેલ સાબિત થશે.


પ્રધાનમંત્રીશ્રીની દીઘર્દ્રષ્ટિને કારણે ગુજરાતમાં વૈશ્વિક કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્પોર્ટીંગ કલ્ચર વિકસ્યું છે એમ તેમણે વધુમા ઉમેર્યુ હતું.મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૦થી શરૂ કરાવેલી ખેલ સંસ્કૃતિને કારણે આજે ગ્રામીણ ઓલમ્પિક અને દિવ્યાંગજનો માટે વિશેષ ખેલ મહાકુંભના આયોજનની ગુજરાતે જે અભિનવ પહેલ કરી હતી તે હવે વ્યાપક સ્તરે વિસ્તરી છે.

### વિરમગામ શહેરમાં જૈન સંપ્રદાય દ્વારા આવતી કાલથી શાશ્વતી ઓળીનો આરંભ

# શ્રાવકો દ્વારા નવ દિવસ અખંડ નવકાર જાપ નું અનુષ્ઠાન

વિરમગામ ,

વિરમગામ શહેર માં ચાતુર્માસ દરમિયાન પધારેલ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત હરિકાંત સૂરીશ્વરજી મહારાજ તેમજ કાસ્યપરત્ન વિજય મહારાજની નિશ્રામાં સતત ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત આસો સુદ છઠ તારીખ:-૦૧/૧૦/૨૦૨૨ શનિવારના રોજ શાશ્વતી ઓળીનો પ્રારંભ થઈ રહ્યો છે. તે દિવસથી પરમ પૂજ્ય આચાર્ય ભગવાન હરિકાંત સૂરીશ્વરજી મહારાજ તેમજ વિજય મહારાજની પ્રેરણાથી અખંડ નવ દિવસના નવકાર મંત્રના જાપ કરવાનું આયોજન જૈન પાઠશાળા ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ના ભાગરૂપે તા. ૧ લી ઓકટોબર શનિવારના રોજ સવારે ૬:૪૫ વાગે નવકાર મંત્રનો કુંભ અખંડ દિપક પ્રગટાવીને જાપ માટે ગુરુદેવ તેમજ સકલ સંઘનીની હાજરીમાં પાઠશાળામાં મૂકીને અખંડ નવકાર મંત્ર ના જાપની શરૂઆત કરવામાં આવશે. જેમાં એક એક કલાકના વારા પ્રમાણે સવારે છ થી સાંજના સાત સુધી બહેનો જાપ કરશે અને રાતના સાતથી સવારના છ વાગ્યા સુધી ભાઈઓ જાપ કરશે. આ જાપ નવ દિવસ માટે અખંડ ચોવીસ કલાકના રાખેલ છે અને ત્યારબાદ જાપ કરનારનું ઉચિત બહુમાન જાપ ના લાભાર્થી રંજનબેન વિરચંદભાઈ ગાંધી લાટીવાળા પરિવાર, ચંદન પ્લાયવુડ એન્ડ હાર્ડવેર,વિરમગામ તરફથી કરવામાં આવશે.



સૌરભ્ય ભારત સ્વસ્થ ભારત ની તરફ થી પંચગવ્ય આયુર્વેદ આરોગ્ય સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ડો. હિતેશ ભાઈ જાની, પૂર્વ આચાર્ય, ગુજરાત આયુર્વેદ વિશ્વવિદ્યાલય, જામનગર, મુખ્ય મહેમાન વિશ્વ ગુજરાતી સમાજના ઉપપ્રમુખ અને અખિલ રાજસ્થાન ગુજરાતી સમાજના પ્રમુખ શ્રીમાન જી.ડી.પટેલ સાહેબ તથા વરિષ્ઠ મહેમાન અખિલ રાજસ્થાન ગુજરાતી સમાજ ના વરિષ્ઠ ઉપપ્રમુખ અને પ્રમુખ ઉદયપુર ગુજરાતી સમાજ ના શ્રીમાન રાજેશ બી મહેતા ઉપસ્થિત રહ્યા હતા. તેઓનું સ્વાગત સૌરભ્ય ભારત સ્વસ્થ ભારત ની તરફ થી પંચગવ્ય આયુર્વેદ આરોગ્ય સપ્તાહ ના સંયોજક શ્રીમાન પુરષોતમ જી દ્વારા સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું સાથે ભારત વિકાસ પરિષદ મેવાડ ના અધ્યક્ષ શ્રીમાન પ્રશાન્ત જી વ્યાસ ઉપસ્થિત થે.

૨૬ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી સવારે ૪:૩૦ થી સાંજે ૬ વાગ્યા સુધી નિઃશુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

તેનું સરનામુંઃ- પ્રગતિ આશ્રમ ગોવર્ધન વિલાસ ઉદયપુર.

### પ્રધાનમંત્રી મોદીએ

# વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી રવાના કરી, વડાપ્રધાને ટિકિટ ખરીદીને મુસાફરી પણ કરી

## મોદીએ ગાંધીનગરથી અમદાવાદ સુધીના રુટમાં અનેક લોકો સાથે વાતચીત કરી હતી.

અમદાવાદ,તા.૩૦

નવરાત્રિના પાંચમા નોરતે ગુજરાતને એક જ દિવસમાં બે મોટી ભેટ મળી. નરેન્દ્ર મોદીએ આજે ગુજરાત પ્રવાસના બીજા દિવસે ગાંધીનગરથી મુંબઈ સુધી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી છે, તો સાથે જ કાલુપુરથી મેટ્રો ફેઝ-૧ની શરૂઆત કરાવી છે. દેશની ત્રીજી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગર રેલવે સ્ટેશનથી ટ્રેનને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી.



તેઓ પોતે આ ટ્રેનમાં સવાર થઈને અમદાવાદ પહોંચ્યા હતા. ખાસ વાત એ છે કે, તેમણે ટિકિટ લઈને સામાન્ય મુસાફરની જેમ વંદેભારત ટ્રેનમાં મુસાફરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગર રેલવે સ્ટેશનથી લીલી ઝંડી બતાવીને ટ્રેનની શરૂઆત કરાવી હતી આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, રેલવે મંત્રી પિયુષ ગોયલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ હાજર રહ્યા હતા. વંદે ભારત ટ્રેન ગાંધીનગરથી મુંબઈ વચ્ચે ચાલશે. વંદે ભારત ટ્રેનમાં બેસીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમદાવાદ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા.

વંદે ભારત ટ્રેન ગાંધીનગરથી મુંબઈ વચ્ચે દોડશે. ઉદઘાટન બાદ વંદે ભારત ટ્રેનમાં બેસીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમદાવાદ રેલવે સ્ટેશન પહોંચ્યા. તેમની સાથે પહેલીવાર આ ટ્રેનમા મુસાફરીને કરીને અમદાવાદ પહોંચેલા લોકો માટે આ મુસાફરી ખાસ રહી હતી. પીએમ મોદીએ તેમની સાથે ચર્ચા કરી હતી. જોકે, ખાસ વાત એ છે કે, પીએમ મોદીએ વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરતા પહેલા મુસાફરી માટે ટિકિટ લીધી હતી. તેઓએ એક સામાન્ય નાગરિકની જેમ ટિકિટ લઈ વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરી હતી.ટ્રેનમાં મુસાફરી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરથી અમદાવાદ સુધીના રુટમાં અનેક લોકો સાથે વાતચીત કરી હતી. જેમાં રેલવેના કર્મચારીઓ, મહિલા બિઝનેસ પર્સનાલિટી, તથા યંગસ્ટર્સ અને સાથી મુસાફરો સાથે દિલ ખોલીને વાત કરી હતી.

આ પહેલા તેમણે આખી વંદેભારત ટ્રેનનું નિરીક્ષણ કર્યુ હતું. વંદે ભારત ટ્રેનને પહેલી વખત ‘KAVACH’ એટલે કે ટ્રેન કોલાઈઝન અવોઈડન્સ સિસ્ટમ ટેક્નીકથી લોન્ચ કરવામાં આવી રહી છે.

આ ટેકનિકની મદદથી બે ટ્રેનની સામસામે થનારી અથડામણ જેવી દુર્ઘટનાઓને હવે અટકાવી શકાશે. આ ટેકનિકને દેશમાં જ વિકસિત કરવામાં આવી છે, જેના કારણે તેનો ખર્ચ ઘણો ઓછો છે.

# તાજેતરના, પાંચ ખરાબ સમાચાર જોઈને, આજના સંજોગોમાં, દરેક વયના લોકોએ તેમના જીવન વિશે વિચારવું જોઈએ

(૧) ૧૨૦૦૦ કરોડની રેમન્ડ કંપનીના માલિક આજે તેમના પુત્રની વાહિયાતતાને કારણે ભાડાના મકાનમાં રહે છે.

(૨) એક અબજોપતિ મહિલા, મુંબઈના પોશ વિસ્તારમાં તેના કરોડો રૂપિયાના ફ્લેટમાં, સંપૂર્ણપણે પીગળીને હાડપિંજર બની ગઈ! વિદેશમાં મોટી નોકરી ધરાવનાર કરોડપતિ પુત્રને પણ ખબર નથી? માતાનું મૃત્યુ ક્યારે થયું?



(૩) ૪૩ હજાર કરોડની સંપત્તિ છોડીને રાકેશ ઝુનઝુનવાલા અકાળે ગયા કારણ કે તેઓ ૨૪ કલાકમાં ૨૦ કલાક ખુરશી પર બેસીને કામ કરતા હતા.

(૪) સાયરસ મિસ્ત્રીએ ૯૦ હજાર કરોડની સંપત્તિ છોડી દીધી.

હવામાં ઉડતી કારનો અકસ્માત થયો.

(૫) સપના સાકાર થાય છે I.A.S બક્સરના કલેક્ટરે તણાવને કારણે આત્મહત્યા કરી.

આ પાંચ ઘટનાઓ જણાવે છે, જીવનમાં પદ, પૈસા, પ્રતિષ્ઠા, આ બધી વસ્તુઓ કોઈ કામની નથી. જો તમારા જીવનમાં ખુશીઓ સંતોષી અને તમારી ન હોય તો કંઈ વાંધો નથી.

નહીં તો કલેક્ટરની શું જરૂર હતી? જેના કારણે તેણે આત્મહત્યા કરી લીધી.

સુખ પૈસાથી મળતું નથી, તે પ્રિયજનોથી આવે છે.

એટલા માટે પૈસા છે

પરંતુ, જીવનમાં, બધું જ થતું નથી.

પૈસો ઘણો છે, પણ બધું જ નથી.

જીવન આનંદ માટે છે ભલે ગમે તે હોય, બસ હસતા રહો...?◦

જો તમે ચિંતિત હોવ, તો તમારી જાતને થોડો આરામ આપો.

જીવનમાં આપણો હેતુ હોવો જોઈએ :-

૯, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧, ૦

◦૯ - પાણીનો ગ્લાસ◦

◦૮ - કલાક ઊંઘ◦

◦૭ - પરિવાર સાથે પ્રવાસો◦

◦૬ - અંક આવક◦

◦૫ - અઠવાડિયાના દિવસો કામ◦

◦૪ - ફ્લાયવ્હીલ

◦૩ - બેડરૂમ ફ્લેટ◦

◦૨ - સારા બાળકો.

◦૧ - જીવન સાથી◦

◦૦ - ચિંતા...?◦

રુબારુને મળવાનો મોકો નથી મળતો, એટલે જ...

હું મારી જાતને શબ્દો સાથે નમન કરું છું...

દરેક વ્યક્તિ મારા કરતા કોઈ ને કોઈ રીતે શ્રેષ્ઠ છે...

તેથી હું તમામ શ્રેષ્ઠ લોકોને મારું હૃદય નમન કરું છું...

કેટલાક સંબંધો લોહીના હોય છે,

કેટલાક સંબંધો પૈસાના હોય છે,

જેઓ સંબંધો વિના સંબંધો રમે છે,

કદાચ તેઓ મિત્રો કહેવાય.......

હંમેશા હસતા રહો

### ડો.વિપુલભાઈ યાજ્ઞિક ની સરાહનીય કામગીરી

# પાટણના ડો વિપુલ યાજ્ઞિકે 3 વર્ષના બાળકના પેટમાંથી ૫નો સિક્કો કાઢી બાળકને પીડા મુક્ત કર્યો

પાટણ,

ઐતિહાસિક નગરી પાટણ આરોગ્ય નગરી તરીકે પણ ઓળખાય છે.સમગ્ર રાજ્યભર માં પાટણની તબીબીસેવાઓ મોખરે છે. વિવિધ ક્ષેત્રના તજજ્ઞ તબીબો પાટણ શહેરમાં આગવું નામ ધરાવે છે.અને તબીબો અનેકવાર સેવાના માધ્યમથી માનતા મહેકાવતા હોય છે.સાથે સાથે અકલ્પનિય સર્જરીના માધ્યમ થી સમગ્ર રાજ્ય સહિત દેશભરમાં પાટણનું નામ ગુંજે છે.તમામ ક્ષેત્રના પારંગત તબીબો પાટણ શહેરમાં આવેલ છે.ત્યારે આવનાર નવાર તબીબો દ્વારા



કરવામાં આવતી કામગીરી અકલ્પનિય હોય છે.ત્યારે પાટણ શહેરના કીલાચંદ શોપિંગ સેન્ટરમાં આવેલ નિષ્ઠા સર્જીકલ એન્ડ રિસર્ચ હોસ્પિટલના ડોકટર વિપુલભાઈ યાજ્ઞિક આરોગ્યના ક્ષેત્રમાં ખૂબ આગવું નામ ધરાવે છે . અગાઉ પણ ઘણીવાર તેમની હોસ્પિટલમાં કલ્પી ના શકાય તેવા સફલ ઓપરેશન તેમના દ્વારા કરવામાં આવ્યા છે.ત્યારે વધુ એકવાર આવું જ એક સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું,ડીસા તાલુકાના

ફિરોજપુરા ગામના ભરતભાઈ ભીલના ત્રણ વર્ષીય દીકરો શુભમ પાંચનો સિક્કો ગળી ગયો હતો.છેલ્લા ૭ દિવસથી બાળક યાતના ભોગવી રહ્યો હતો.જેના લીધે તેને પેટમાં દુઃખાવાની તકલીફ રહેતી હતી.પરિવાર આર્થિક રીતે સધ્ધર ના હોવાના કારણે યોગ્ય સારવાર મળી શકી નહોતી.ડીસામાં કેટલાક તબીબો દ્વારા આ બાળકને ઝાડાની દવા આપી તેમજ કેળા ખવડાવવાની સલાહ આપવામાં આવી હતી.પરંતુ તેના પિતાને આ મંજુર ન હતું જેને લઈને તેમને અનેક જગ્યાએ પુછપરછ કરતા તેમણે પાટણના ડોક્ટર વિપુલ યાજ્ઞિકનું સરનામું મળ્યું હતું. અને અહીં આવી ડો વિપુલ યાજ્ઞિકને પોતાની આપબીતી જણાવી હતી.અને પોતે આર્થિક રીતે સધ્ધર ના હોવાનું પણ જણાવ્યું હતું.ત્યારે વિપુલ યાજ્ઞિકે માત્ર એન્ડોસ્કોપી દ્વારા એક ખાસ પ્રકારના ચીપિયા(શાર્ક ટૂથ ફોર્સેપ)ની મદદ થી પાંચનો સિક્કો બહાર કાઢવામાં આવ્યો અને કોઈપણ જાતની પેટ ઉપર ચીરફાડ વગર દર્દી ને ફક્ત ૨ કલાક માં હોસ્પિટલ માંથી રજા પણ આપી દેવાઈ હતી.ડો વિપુલ યાજ્ઞિકે માત્ર એન્ડોસ્કોપીના નજીવા ચાર્જમાં જ ૫નો સિક્કો કાઢી આપી માનવતા મહેકાવી હતી.તો નશાના ડોકટર જનક મેવાડાએ ઓન ૫૦ ટકા ચાર્જ જ લીધો હતો.આ પરિવારજનો દ્વારા ડો વિપુલ યાજ્ઞિકનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

રિપોર્ટ : ભરત જોષી (માહારાજ), પાટણ

# રાજકોટની ગોંડલ વિધાનસભાની સીટ પર બે બાહુબલીઓ વચ્ચે ઘમાસાણ સર્જાયું

રાજકોટ,તા.૩૦

રાજકોટની ગોંડલ વિધાનસભાની સીટ પર બે બાહુબલીઓ વચ્ચે ઘમાસાણ સર્જાયું છે. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ કરેલા આક્ષેપોની સામે રીબડા જૂથ પણ મેદાને આવી ગયું છે. રીબડા જૂથના મુખ્ય ટેકેદાર જયંતિ ઢોલે મહત્વનું નિવેદન આપતા જણાવ્યું કે, જયરાજસિંહ જાડેજાના પરિવાર સિવાય કોઈપણને ટિકીટ મળવી જોઈએ. ગોંડલ વિધાનસભા બેઠક રીબડા પંથકના ગ્રામ્ય વિસ્તારોની લીડના કારણે જીતે છે. અમે પાર્ટીમાં રજૂઆત કરીશું કે જયરાજસિંહના પરિવાર સિવાય અન્ય કોઈપણને ટિકીટ મળવી જોઈએ. સાથે જ જયંતિ ઢોલે આત્મહત્યાની પણ ચીમકી આપી છે. રાજકોટ-ગોંડલ વિધાનસભા સીટ પર બે બાહુબલીઓની લડાઈ ચાલી રહી છે. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ કરેલા આક્ષેપોની સામે રીબડા જૂથ પણ મેદાને છે. જયરાજસિંહે કરેલા એક એક આક્ષેપોના જવાબ રીબડા જૂથે આપ્યા છે. રીબડા જુથના મુખ્ય ટેકેદાર અને પાટીદાર સમાજના અગ્રણી જયંતિ ઢોલે કહ્યું કે, જયરાજસિંહ જાડેજાના પરિવાર સિવાય કોઈપણને ટિકીટ મળવી જોઈએ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.